Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya
Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya

# Ankur

School for mentally retarded children

(Associate with P.N.R. Society)







## 44th Annual Report 2023-24

## Our Journey

# From Sympathy To Empathy

# Board of Trustees




Shri Anantrai K. Shah (Bababhai)
Managing Trustee



Shri Vinod N. Hakani
Trustee



Shri Alpeshbhai K. Sheth
Trustee



Shri Dhirubhai J. Dhandhukiya
Trustee



Shri Devalbhai J. Shah
Trustee



Shri Parasbhai C. Shah
Trustee



Shri Rajeshbhai N. Hakani
Trustee



Shri Prakashbhai N. Desai
Trustee



Shri Uday H. Bhatt
Trustee



Shri Naredrabhai K. Shah
Trustee



Shri Harshadbhai C. Sheth
Trustee

Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya
Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya

# Ankur

## School for mentally retarded children

(Associate with P.N.R. Society)



# Our Journey
# From Sympathy To Empathy

## 44rd Annual Report 2023-24

**Mentor** : Shri Vinod Hakani

**Editing** : Shri Arif Jethava
Shri Shashikant Vadiya

**Integration** : Shri Meghjikhan Saybani
Smt. Nehal Gadhavi

**Graphics** : Shri Mayur Rathod

***VISION:***

***To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative.***

***MISSION:***

***To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs***

## LEGAL STATUS

- Trust Register No. E-459 Date : 25-01-1980
- R.P.D. Act 2016 Register No. 72/97
- National Trust Register No. GANK/15510466624 Date : 13/02/2017
- PAN No. AAATA2757Q
- Foreign Contribution Regulation Act Register No. 041980062 Date. : 27/01/2009
- Donation is tax free under Section 80G of the Income Tax Act
  No. DIT(E)/80G(5)/1090/0607
- C.S.R. Registration No. CSR00001417

## CONTACT US

**'Ankur' School for Mentally Retarded Children**
Plot No. 1945, Near Working Women's Hostel, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956

info@ankurschool.org, ankurmrschool.bvn@gmail.com

https://www.ankurschoolbvn.org

http://www.facebook.com/AnkurmrSchoolforMentalyRetardedChildren

https://www.instagram.com/ankurschool.bvn

https://www.linked.com/in/ankurmrschool-bhavnagar-908aa285

https://youtube.com/shorts/1UZk7p9R8_w?feature=share

Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. +919925537878
E-mail : alpesh7878@gmail.com

# Index


| Sr. No. | Particular | Page No. |
|---|---|---|
| 1. | Academic Highlights ........................ | 7 |
| 2. | Meetings ...................................... | 12 |
| 3. | Success stories and feedback from parent .................................... | 15 |
| 4. | Achievements, Celebrations, Awards, Games, cultural activity, Incidents and others........................................ | 19 |
| 5. | Shri D.k. Ajmera Foubdation and Smt. Bhanumati Vadilal Chatrabhuj Gandhi "BHANU-VADU" Vocational training center for M.R. Children ....... | 29 |
| 6. | Various Projects run by the School For The Welfare of Children And Staff: ..... | 32 |
| 7. | The National Trust................................ | 34 |
| 8. | Late shri Shashikant Sakarlal Velani Teachers training college for special Education ( mental Retardation.)......................... | 35 |
| 9. | Visitors................................................ | 41 |
| 10. | We are grateful.................................. | 42 |
| 11 | Ankur Parivar...................................... | 44 |
| | ● Requirements for institute .................................. | 45 |
| | ● Appeal for Donation ............. | 47 |
| | ● Audit Report ........................... | 48 |


# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧. | એકેડેમિક હાઈલાઈટ્સ .......................... | ૭ |
| ૨. | મીટિંગ્સ ........................................ | ૧૨ |
| ૩. | સકસેસ સ્ટોરી તથા વાલી પ્રતિભાવ............... | ૧૫ |
| ૪. | સિધ્ધિઓ, પ્રસંગો, એવોર્ડ, રમત-ગમત, કલ્ચરલ એક્ટિવિટી તથા.................................. | ૧૯ |
| ૫. | શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી ભાનુવાડી વોકેશન ટ્રેઈનિંગ સેન્ટર................................................ | ૨૯ |
| ૬. | વિદ્યાર્થીઓનાં ઉત્કર્ષ માટે સંસ્થામાં ચલાવવામાં આવતાં વિવિધ સપોર્ટિવ વેલ્ફેર પ્રોજેક્ટ........ | ૩૨ |
| ૭. | ધ નેશનલ ટ્રસ્ટ.................................. | ૩૪ |
| ૮. | સ્વ. શ્રી શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રીટાર્ડેશન)........................................ | ૩૧ |
| ૯. | મુલાકાતીશ્રીઓ .................................. | ૪૧ |
| ૧૦. | ઋણ સ્વિકાર ..................................... | ૪૨ |
| ૧૧. | અંકુર પરિવાર.................................... | ૪૪ |
| | ● સંસ્થાની જરૂરિયાત ........................ | ૪૫ |
| | ● દાનની અપીલ ............................ | ૪૭ |
| | ● ઓડિટ રીપોર્ટ ............................. | ૪૮ |

## From the Desk of President

We are pleased to present with salutation, annual report of vibrant ANKUR for the academic year 2023-2024 on behalf of the board of trustees; to the all dedicated members of Ankur Family, Donors, workers, staff members and beneficiaries.

New initiative : To establish common standards for the education, assessment, examinations, vocational training and placement, an one day workshop of all Gujarat mentally retarded school's principals was hosted by Ankur on 14/10/2023. Interaction of all participating technical persons were interesting and as a result workshop was a grand success. Our principal shri Meghjibhai Saybani deserves all the compliments for the arranging and hosting this useful workshop.

Hon. Secretary (Education) Shri Dhandhukiya sir, has obtained services of expert consultant shri Munibhai Dave and arranged SWOT Analysis of Our institute for drawing roadmap for future development and various Benchmarks of progress and how to face various challenges in the coming time.

Though our children have limitation of their intellect, our training keeping in mind their hidden abilities, bring shine in their overall performance on various games, Yoga, extra curricular activities. Our students performance in all these activities is very impressive. Our students have earned many Gold, Silver and bronze medals and certificates in District, state and national level championships of various games and athletics.

Our responsibilities and to abide by rules of both state and central government and various judgments by Hon. Judiciary, is becoming tough to tougher day by day. To keep updated our frontline workers, trustees, executives on various present rules and Regulations we arrange seminars for knowledge updating on regular interval. For all the institutes affiliated with P.N.R. a seminar by C.A. shri Kishorbhai Shah who is associate C.A. of our Auditors M/S. P.G.Hemani & co, was organized on 07-01-2024. In this seminar our Trustees from Mumbai were also remained present. In this seminar latest changes in the rules for Charitable trusts in Income tax, charity commissioner, 80G, CSR, FCRA, TDS Etc were discussed at length.

As per government guideline, all measures are taken for the safety and security of our Divyang Children.

After a long interval due to Covid, our annual cultural program was arranged this year. Performance of our

## પ્રમુખની કલમેથી...

અંકુર પરિવારના સર્વે દાતાશ્રીઓ, શુભ ચિંતકો, કર્મનિષ્ઠ કાર્યકર્તાઓ, સ્ટાફ મેમ્બર્સ તથા લાભાર્થીઓના અભિવાદન સાથે બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ વતી વાયબ્રન્ટ અંકુરનો વર્ષ ૨૦૨૩-૨૪ નો વાર્ષિક વૃત્તાંત આપની સમક્ષ મુકતા અમને આનંદ થાય છે.

નવી પહેલ : મંદબુદ્ધિ બાળકોના શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ, એસેસમેન્ટ, પરીક્ષા, પ્લેસમેન્ટ, અભ્યાસક્રમ વગેરેમાં સમગ્ર રાજ્યમાં ગુણવત્તા, માનાંક માપદંડો માં એક સુત્રતા માટે નવતર પ્રયોગ તરીકે અંકુરના યજમાનપદે રાજ્યની શાળાઓના આચાર્યોની એક દિવસિય વર્કશોપ તા.૧૪-૧૦-૨૦૨૩ ના આયોજિત થઇ અને તજજ્ઞો ના ઈન્ટર-એકશન નો રસપ્રદ કાર્યક્રમ સફળ રહ્યો. આયોજન બદલ પ્રિન્સીપાલશ્રી મેઘજીભાઈ ને અભિનંદન.

માનદ્‌મંત્રીશ્રી ધંધુકિયા સાહેબ દ્વારા નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ હેઠળ ઉદ્‌ભવનાર પરિસ્થિતિ અને પડકારો ના સામના માટે તથા આગામી સમયમાં સંસ્થાને કયાં અને કઇ રીતે આગળ લઇ જવી તેના રોડમેપ અને બેંચમાર્ક માટે એક્ષપર્ટ કન્સલટન્ટ શ્રી મુનિભાઈ દવેની SWOT એનાલિસીસ ની સેવા લેવામાં આવી.

આપણા બાળકોની બૌદ્ધિક મર્યાદા છતાં તેનામાં રહેલ સુષુપ્ત સંભાવનાને કેન્દ્રમાં રાખી અપાતી તાલીમથી તેનામાં નિખાર આવે છે. રમત-ગમત, યોગ, એકસ્ટ્રા કરીકયુલમ માં તેઓનો દેખાવ અસરકારક છે. જિલ્લા, રાજ્ય અને નેશનલ લેવલ ની ખેલકૂદ સ્પર્ધાઓમાં તેમનો દેખાવ ઉત્કૃષ્ટ રહ્યો અને સંખ્યાબંધ ગોલ્ડ-સિલ્વર -બ્રોન્ઝ મેડલ તથા સર્ટિફિકેટ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર તથા ન્યાયપાલિકાના આદેશોથી દિનપ્રતિદિન સંસ્થાનુ ઉત્તરદાયિત્વ વધી રહ્યુ છે. થોકબંધ જોગવાઈઓનુ પાલન કરવાનુ મુશ્કેલ બન્યુ છે. આ સંદર્ભમાં સંસ્થાના ફ્રન્ટલાઈન ટ્રસ્ટીઓ, એકઝીકયુટીવ મેમ્બરો પ્રવર્તમાન રૂલ્સ, રેગ્યુલેશન થી વાકેફ રહે તે માટે સમયાંતરે નિષ્ણાંતો ના સેમિનાર યોજવામાં આવે છે. પી.એન.આર. તથા સંલગ્ન સંસ્થાઓ માટે આપણા ઓડિટર પી.જી.હેમાણીના CA શ્રી કિશોરભાઈ શાહનો પરિસંવાદ તા.૦૭-૦૧-૨૦૨૪ ના રાખવામાં આવેલ જેમાં મુંબઈ ના ટ્રસ્ટીશ્રીઓ પણ હાજર રહેલ. આ ડિબેટમાં ટ્રસ્ટોને સ્પર્શતા ઈન્કમટેક્ષ 80G, CSR, FCRA, TDS, ચેરીટી કમિશ્નર વગેરેને લગતી જોગવાઈઓની વિશદ છણાવટ કરવામાં આવી.

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ આપણા દિવ્યાંગ

children in the presence of celebrities and houseful audience was praised by one and all. Program was well responded by all. Celebrity like film heroine Monal Gajjar, leading industrialist of Bhavnagr shri Budhabhai Patel and other well known VIPs also praised the Program. The program was grand success due to team work of Ankur lead by Su.shri Nehalben Gadhavi and Dr. Shri Bhavnaben Andhariya.

Famous Kathkar shri Jignesh Dada visited the Ankur Upvan and praised the great work done by the institute.

Our vocational training center started with concept of earning with learning is progressing very well. Successful leader for vocational training center is owner of reach personality who is very good influencer, social engineer, who has created her own recognition as motivational speaker and who knows how to play with words and lead people's feelings towards our motive is Su.shri Nehalben Gadhvi. Thanks to effective marketing and smart work by Nehalben Gadhvi demand for our product has increased and all trainees get good bonus. Due to her expertise in social engineering, Nehalben has very big share in total funding of Ankur. Nehalben Gadhvi really deserves congratulations and all the KUDOS for her excellent contribution as Brand Ambassador of Ankur.

Our Teachers' training college under the enthusiastic and able leadership of Dr. Bhavikaben Kamdar is securing very impressive results and placements too.

As per new Education policy of government, Kindergarten is very important step for education. Here in our school, Respected shri Dhandhukiya Sir has given guidance and in the form of early intervention, Kindergarten is developing very speedily and number of students is also increasing gradually.

Every month a review meeting is held and our Hon. Secretary (edu.) shri Dhandhukiya Sir, our Principal shri Meghjibhai and all educational staff participates in this review meeting. This has earned very good results.

Principal Shri Meghjibhai is very cleverly and effectively coordinating amongst the various departments and their staff for better functioning.

Enthusiastic and dedicated Hon. Secretary Shri Alpeshbhai, shri Devalbhai are performing very attentively their duty of overall functioning of the institute even after their very busy schedule and responsibility of their Businesses. Our Main Pillor Respected shri Bababhai is providing necessary

બાળકોની સુરક્ષા માટે સેફટી સ્ટાન્ડર્ડ ના પગલા લેવામાં આવ્યા છે.

કોવિડ ને કારણે લાંબા અંતરાલ પછી વાર્ષિક ભાતિગળ સાંસ્કૃતિક કાર્યક્રમ ચિક્કાર ઓડિયન્સ અને સેલિબ્રિટી અને મહાનુભાવો ની ઉપસ્થિતિમાં યોજાયો, જેને ખુબ સુંદર પ્રતિસાદ મળ્યો.

અતિથિ વિશેષ ફિલ્મ અભિનેત્રી મોનલ ગજ્જર, અગ્રણી ઉદ્યોગપતિ શ્રી બુધાભાઈ પટેલ તથા અન્ય નામાંકિત શ્રેષ્ઠીઓએ સુંદર પ્રતિસાદ આપ્યા. સુશ્રી નેહલબેન, ડો. શ્રી ભાવનાબેન તથા અંકુર સ્ટાફના ટીમ વર્ક ને લીધે કાર્યક્રમ ભવ્ય સફળતાને વર્યો.

પ્રસિધ્ધ કથાકાર શ્રી જીજ્ઞેશદાદા એ અંકુરના ઉપવનની મુલાકાત લઈ સંસ્થાની સરાહના કરી.

લર્નીંગ વીથ અર્નિંગ ના કન્સેપ્ટ સાથે ચાલતુ વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર સારી પ્રગતિ કરી રહ્યુ છે. વોકેશનલ ડિપાર્ટમેન્ટ ના સફળ સુકાની પ્રતિભા સંપન્ન ઈન્ફ્લ્યુએન્સર, પોતાની આગવી ઓળખ બનાવી ચુકેલ મોટીવેશનલ સ્પીકર અને શબ્દોના કિમિયાગર સુશ્રી નેહલબેનના માર્કેટીંગ અને સ્માર્ટ વર્ક ને લીધે અંકુરની પ્રોડકટસની માંગ વધી છે. જેથી તાલિમાર્થીઓ પણ સારુ બોનસ મેળવે છે. સોશ્યલ એન્જીનિઅરીંગ માં માહેર નેહલબેનનો ફંડીંગમાં પણ મોટો હિસ્સો છે. તેઓ સાચેજ અભિનંદનના અધિકારી છે.

ઉત્સાહી અને એનેર્જેટિક ડો. શ્રી ભાવિકાબેનના સંચાલન માં ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ ના પરિણામો અને પ્લેસમેન્ટ પ્રોત્સાહક છે.

નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ હેઠળ બાળમંદિર પણ મહત્વનુ પગથિયું છે. માનનિય શ્રી ધંધુકિયાસરના માર્ગદર્શન હેઠળ અર્લી ઈન્ટરવેન્શન સ્વરૂપનુ બાળમંદિર ઝડપથી વિકસી રહ્યુ છે અને સંખ્યા પણ ઉત્તરોત્તર વધી રહી છે.

દર મહિને શિક્ષણમંત્રીશ્રી ધંધુકિયા, પ્રિન્સીપાલ શ્રી મેઘજીભાઈ અને શૈક્ષણિક સ્ટાફની રીવ્યુ મિટીંગ થાય છે જેના સારા પરિણામ જોવા મળ્યા છે.

સંસ્થાના વિવિધ વિભાગો અને સ્ટાફના કોઓર્ડિનેશન અને પરિચાલનની કામગીરી આચાર્યશ્રી મેઘજીભાઈ કુનેહપૂર્વક કરી રહ્યા છે.

ઉત્સાહી અને નિષ્ઠાવાન માનદ્મંત્રીશ્રી અલ્પેશભાઈ, માનદ્ટ્રેઝરરશ્રી દેવલભાઈ પોતાની વ્યાવસાયિક જવાબદારીઓ છતાં સમગ્ર સંસ્થાની ઓવરઓલ કામગીરી ઘણી દક્ષતાથી કરી રહ્યા છે તેમજ સંસ્થાના સ્થંભ આદરણિયશ્રી બાબાભાઈ જૈફવયે પણ પથપ્રદર્શન

guidance even at his advanced age. We are proud that he was bestowed with Best citizen Award by Satkarya Sanman Samiti on 20-04-2024 in ShishuVihar Bhavnagar.

Ankur is always busy and engaged in multi dimensional activities like awareness, advocacy, capacity building, empowering, skill development, knowledge sharing, welfare relationship and inclusion etc. we are carving a new road of development with the care to preserve our ideals and values.

Hostels are the top priority in the next plan of the organization. There is no residential school for mentally retarded children around Bhavnagar and in the district, so a large section of needy children in the district are deprived of training, education and therapy and every parent is haunted by the question of what will happen to their mentally retarded child after their lifetime.

So there is a great need for hostels. The government does not get land at token rate. Costs go up a lot due to very high cost of land. Hence we expect generous financial support from the best of the society and generous hearted donors for this dream project of the organization.

At present, active efforts of the management to acquire land have started.

Leaders of Ankur's Philanthropic journey for wellbeing of Divyang children are dedicated and committed trustees who render their Honorary services, qualified and dedicated staff family, parent body P.N.R. Society, our think tank Respected shri Bababhai, Prakashbhai Desai. Generous donors, volunteers and many known-unknown persons and blessings of almighty GOD.

ANKUR is such a holy Yagna Place where every work by any person becomes an offering/ Aahuti in the Yagna.

Institute offers felling of gratitude for all. We cordially invite to visit personally this “SADHNA KSHETRA” Land of committed work.

Your suggestions, feedback are always welcomed and we await for the same.

DHANYAVAD....!

**કરી રહ્યા છે. સત્કાર્ય સન્માન સમિતિ દ્વારા શિશુવિહારમાં તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ તેમનુ શ્રેષ્ઠ નાગરિક સન્માન થવા બદલ સંસ્થા ગર્વ અનુભવે છે.**

**અવેરનેસ, એડવોકેસી, કેપેસિટી બિલ્ડીંગ, એમ્પાવરિંગ, સ્કિલ ડેવલપમેન્ટ, નોલેજ શેરીંગ, વેલ્ફેર, રિલેશનશીપ, ઈન્કલ્યુઝન વગેરે મલ્ટી ડાયમેન્શનલ એકટીવીટી થી અંકુર ધમધમતુ રહે છે. સંસ્થા આદર્શો અને મુલ્યોના જતન સાથે વિકાસની કેડી કંડારી રહી છે.**

**સંસ્થાની આગામી યોજનામાં ટોપ પ્રાયોરીટી હોસ્ટેલની છે. ભાવનગર આજુબાજુ તથા જિલ્લામાં મંદબુદ્ધિ બાળકો માટે રેસિડેન્શ્યલ સ્કુલ નથી આથી જિલ્લાના જરૂરિયાતમંદ બાળકોનો મોટો વર્ગ તાલીમ, શિક્ષણ અને થેરાપિથી વંચિત રહે છે તેમજ દરેક મા-બાપને તેમની હયાતિ પછી તેના અબુધ મંદબુદ્ધિ સંતાનનુ શું થશે તે યક્ષપ્રશ્ન સતાવતો હોય છે.**

**તેથી હોસ્ટેલની ખુબજ આવશ્યકતા છે. સરકારશ્રી તરફથી ટોકન દરે જમીન મળતી નથી. જમીન ના અતિ ઊંચા ભાવને કારણે કોસ્ટ ઘણી વધી જાય છે. આથી સંસ્થાના આ ડ્રીમ પ્રોજેકટ માટે સમાજના શ્રેષ્ઠીઓ અને ઉદાર દિલ દાતાઓ પાસે ઉદાર આર્થિક સહયોગની અમને અપેક્ષા છે.**

**હાલ જમીન મેળવવા મેનેજમેન્ટના સક્રિય પ્રયત્નો શરૂ છે.**

**અંકુરની પારમાર્થિક યાત્રાના સુત્રધારો છે - માનદ્ સેવા આપતા કટિબધ્ધ અને પ્રતિબધ્ધ ટ્રસ્ટીઓ, સમર્પિત અને કવોલિફાઈડ સ્ટાફ પરિવાર, પેરન્ટબોડી પી.એન.આર. સોસાયટી, સંસ્થાની થિંક ટેન્ક સમા માનનિય શ્રી બાબાભાઈ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ ઉદાર શ્રેષ્ઠીઓ, વોલિન્ટીઅર્સ, દશ્ય-અદશ્ય અનેક હાથો અને ઈશ્વરના આશિર્વાદ...!**

**અંકુર એવી યજ્ઞશાળા છે જયાં કામ કરનાર પ્રત્યેકનુ કર્મ ઉપાસના બની જાય છે.**

**સંસ્થા સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરે છે. આ સાધના ક્ષેત્રની પ્રત્યક્ષ મુલાકાત માટે આપ સૌને અમારુ નિમંત્રણ છે.**

**આપના વિચારો, સુચનો-પ્રતિસાદ ની અમને રાહ રહેશે.**

**ધન્યવાદ ...!**

**Shri Anantray K Shah (Bababhai)**
Managing Trustee

**Vinod N. Hakani**
President

**Alpesh K. Sheth**
Hon. Secretary (Admin)

**D. J. Dhandhukiya**
Hon. Secretary (Education)

# 1. Academic Highlights

# ૧. ઍકેડેમિક હાઇલાઇટ્સ

**:: Strength of students ::**

| Year | Bal Vatika | School | Vocational |
|---|---|---|---|
| 2022-23 | - | 165 | 61 |
| 2023-24 | 12 | 163 | 66 |

Ankur is a special school. This is also a mile stone for mentally Divyangs. Ankur take care of such mentally Divyangs by training, education and hand holding to inspect, realize and develop various possibilities lying in these hidden gems at the best of their abilities. Along with this we also strive for their social acceptability, their involvement as a member of society, their skill development as per their capacity; which lead them to a self earning person.

- Under the leadership of Hon. Sec.(edu) shri D.J.Dhandhukiya, from the academic year 2023 Kindergarten section has been started in the school. Manodivyang children of the age of 2.5 years to 6 years are admitted in this section and they are given training and therapy. This initiative has earned good results like early intervention.
- Children of the age of 6 years to 18 years are subdivided on the basis of their physical age and their I.Q. in the standard 1 to 6 and they are imparted systematic education by well mixed syllabus, based on government approved syllabus and special syllabus for Manodivyang children.
- The school provides maximum modern technology like computers, tablets, smart phones, smart

અંકુર એક વિશિષ્ટ શાળા છે. જે માનસિક દિવ્યાંગો માટેનો મુકામ છે. અહી આવા વિશિષ્ટ બાળકોની દેખભાળ, તાલીમ અને શિક્ષણ દ્વારા તેનામાં રહેલી સંભાવનાઓ અને સુષુપ્ત ક્ષમતા પારખી તેને મહત્તમ રીતે વિકસાવવાનો પ્રયાસ થાય છે. સાથે તેમની સામાજિક સ્વિકૃતિ, સમરસતા અને તેમના કૌશલ્ય તથા ક્ષમતાનુસાર તે આર્થિક રીતે પગભર થાય ત્યા સુધીની પ્રક્રિયા પરિપૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય પાર પાડવામાં આવે છે.

♦ માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબના નેજા હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ થી શાળામાં બાલવાટિકા વિભાગ શરૂ કરવામાં આવ્યો છે જેમાં ૨.૫ વર્ષથી ૬ વર્ષ સુધીના મંદબુધ્ધિ બાળકોને તાલીમ તથા થેરાપી આપવામાં આવે છે. અને તેના અર્લી ઈન્ટરવેન્શન જેવા સારા એવા પરિણામો જોવા મળ્યા છે.

♦ ૬ થી ૧૮ વર્ષ સુધીના મંદબુધ્ધિ બાળકોને શાળામાં સરકાર માન્ય સામાન્ય કરીક્યુલમ તથા મંદબુધ્ધિ બાળકોના વિશિષ્ટ કરીક્યુલમને સંમિલિત કરીને બાળકોની શારીરિક ઉંમર તથા માનસિક લેવલને ધ્યાનમાં રાખી ધોરણ ૧ થી ૬ માં વર્ગીકૃત કરી પધ્ધતિસરનું શિક્ષણ આપવામાં આવે છે.

♦ શાળાના માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબની દીર્ઘ દૃષ્ટિના ફળ સ્વરૂપે શાળામાં તાલીમ મેળવતા મંદબુધ્ધિ બાળકો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી











boards, and E-learning as well as virtual training for the learning of students. We also use App. G-Shala. This is matter of pride for the school and its credit goes to our Hon. Education secretary shri D.J. Dhandhukiya sir and his vision for modern education.

- Multi disabilities along with mental disability in children requires special therapies. Such children are offered special therapies by modern equipments and by qualified therapists in the school itself. We provide physiotherapy, speech Therapy, occupational therapy and music therapy. This systematic therapic treatment earns good results.
- During whole year staff meetings are conducted at regular intervals. During the whole academic year of 2023-24 almost 44 hours were spent in the discussion on various aspects. Hon. Secretary (edu) Shri D.J.Dhandhukiya, Principal Shri Meghjikhan Saybani and all staff participate in the meetings actively. As per requirements, experts are also invited and included in the discussion.

- **Visit of the Regional Science center:**

With a noble intention of making our Manodivyang children aware of importance of science in daily life, its various branches, its experiments etc.; we have visited Regional Science center situated at Nari 10km away from city. Total 80 students and 10 Teachers participated in this visit of science center.

- **Seminar:**

On 13/08/2023 a seminar on speech therapy was organized in the school. Speech therapist Dr. Ambar Gupta given guidance for how to impart speech therapy to Manodivyang child, difficulties encountered in the speech therapy of such child, how parents can impart training at home etc. Both secretaries shri Alpeshbhai Sheth and Shri D.J.Dhandhukiya, teachers and therapists attended the useful seminar.

વર્તમાન પ્રવાહ સાથે કદમ મિલાવી શકે તેવા ઉમદા આશયને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ટેકનોલોજી જેમ કે કમ્પ્યુટર, ટેબ્લેટ, સ્માર્ટફોન, સ્માર્ટબોર્ડ તેમજ ઈ-લર્નિંગ નો મહત્તમ ઉપયોગ કરી બાળકોને તાલીમ આપવામાં આવી રહી છે. તેમજ G-Shala એપ્લીકેશનનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

♦ મંદબુધ્ધિત્વ સાથે અન્ય વિકલાંગતા ધરાવતા બાળકોને વિવિધ થેરાપીની જરૂરિયાત રહે છે તેવા બાળકોને શાળામાં અત્યાધુનિક સાધનો તથા ક્વોલિફાઈડ થેરાપિસ્ટો દ્વારા સ્પીચ થેરાપી, ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી તથા મ્યુઝિક થેરાપી વિગેરેની પધ્ધતિસરની થેરાપી આપવામાં આવે છે.

♦ સમગ્ર વર્ષ દરમ્યાન શાળામાં સમયાંતરે સ્ટાફ મીટિંગનું આયોજન કરવામાં આવે છે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન અંદાજિત ૪૪ કલાક વિચાર વિમર્શ કરવામાં આવેલ જેમાં માનદ્‌મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તેમજ સમગ્ર સ્ટાફ સક્રિય રીતે ભાગ લે છે. જેમાં જરૂરિયાત પ્રમાણે એક્સ્પર્ટને પણ સામેલ કરવામાં આવે છે.

♦ **રીજયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત**

મનોદિવ્યાંગ બાળકો પણ સાયન્સ ની વિવિધ શાખાઓ તેમના પ્રયોગો, રોજીંદા જીવનમાં સાયન્સનું મહત્વ અને તેના ઉપયોગ થી માહિતગાર થાય તેવા ઉમદા આશય સાથે શાળાના ૮૦ બાળકો તથા ૧૦ શિક્ષકોએ રીજયોનલ સાયન્સ સેન્ટર ની મુલાકાત લીધેલ.

♦ **સેમિનાર**

તા.૧૩-૦૮-૨૦૨૩નાં રોજ શાળામાં સ્પીચ થેરાપી અંગેના એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં સ્પીચ થેરાપીસ્ટ ડો.અંબર ગુપ્તા સર દ્વારા મનોદિવ્યાંગ બાળકોને કઇ પધ્ધતિ દ્વારા સ્પીચની તાલીમ આપવી, તાલીમ દરમિયાન આવતી મુશ્કેલીઓ, વાલીઓ દ્વારા બાળકોને ઘરે કઈ રીતે તાલીમ આપી શકાય વિગેરે મુદ્દાઓ ઉપર માર્ગદર્શન આપેલ. આ સેમીનારમાં શાળાના માનદ્‌મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા તથા શ્રી અલ્પેશભાઈ શેઠ, શિક્ષકો તેમજ થેરાપીસ્ટ હાજર રહેલ.

  

- **Visit of Bank and Bill collection center:**

With a view to make our children aware and knowledgeable about the functioning of government, banking and monetary transaction, and daily routine of financial institute, students of the age 12 and above were taken to visit Bank, ATM, and Elec. Bill Collection center by our teachers S/Shri Jaypalsinh Gohil, Parasbhai Parmar and Hardipbhai Kamaliya. Our teachers gave knowledge and practical understanding about how Electricity bill can be paid, how money can be deposited in bank account, how money can be withdraw, how to use ATM etc.

- **Visit of Police Station:**

- With a noble purpose of making Manodivyang Children aware of various Government departments and their functioning, we arrange visits of various government departments at regular intervals. As a part of this strategy, on 05-10-2023, 35 Manodivyang Children and 4 teachers visited Bharatnagar Police Station. Children were appraised with the knowledge of what is police, which are functions of police how they are working etc.

- **Parents Training- let us know our children:**

A training session was organized for the parents of newly admitted children during the academic year 2023-24. The training was based on the theme "Let us know our Children" training was conducted from 25-09-2023 to 30-09-2023 by the teachers of our school. Parents were given very useful information about mental Retardation, behavior of child and various important aspect for the complete development of such children. The whole training session was organized and conducted by our teacher Parulben Pathak.

♦ **બેન્ક તથા બીલ કલેક્શન સેન્ટરની મુલાકાત**

મનોદિવ્યાંગ બાળકો પણ સરકારી કામગીરી, અન્ય નાણાંકીય લેવડ દેવડ અને રોજિંદા વ્યવહારથી માહિતગાર થાય તે હેતુને ધ્યાનમાં રાખી શાળામાં તાલીમ મેળવતા ૧૨ વર્ષથી ઉપરના બાળકોને ઈલેક્ટ્રીક બીલ કેમ ભરવુ તથા બેન્કમાં પૈસા કેમ ડીપોઝીટ કરવા, કઈ રીતે ઉપાડ કરવા, ATM નો ઉપયોગ કેમ કરવો વિગેરે બાબતો વિશે બાળકોને બીલ કલેક્શન સેન્ટર તથા બેન્કમાં લઈ જઈ શાળાના શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી પારસભાઈ પરમાર તથા શ્રી હરદીપભાઈ કામળીયાએ ઝીણવટપૂર્વક અતિ ઉપયોગી માહિતી પ્રેકટીકલ રીતે સમજાવેલ.

♦ **પોલિસ સ્ટેશનની મુલાકાત**

મનોદિવ્યાંગ બાળકો વિવિધ સરકારી વ્યવસાયકારો તથા તેની કામગીરીથી પરિચિત થાય તેવા ઉમદા આશય સાથે અલગ-અલગ સરકારી વિભાગોની મુલકાતનું આયોજન સમયાંતરે શાળા દ્વારા થતુ હોય છે જેના ભાગરૂપે તા.૫-૧૦-૨૦૨૩ નાં રોજ શાળાના ૩૫ મનોદિવ્યાંગ બાળકો તથા ૪ શિક્ષકોએ ભરતનગર પોલિસ સ્ટેશનની મુલકાત લીધેલ અને પોલિસ એટલે શું ? તેની કામગીરી શું હોય વિગેરે બાબતોથી બાળકોને પરિચિત કરેલ.

♦ **પેરેન્ટસ ટ્રેઈનિંગ-ચાલો આપણા બાળકોને ઓળખીએ**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં નવા પ્રવેશ મેળવેલ બાળકોના વાલીઓ માટે તા.૨૫-૦૯-૨૦૨૩ થી તા.૩૦-૦૯-૨૦૨૩ દરમિયાન ''ચાલો આપણા બાળકોને ઓળખીએ'' થીમ ઉપર એક પેરેન્ટસ ટ્રેઈનિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શાળાના શિક્ષકો દ્વારા મંદબુદ્ધિ અને તેને સંબધિત વિવિધ બાબતો જે બાળકનાં સર્વાંગી વિકાસ માટે અતિ જરૂરી છે તેના વિશે વાલીઓને અતિ ઉપયોગી માહિતી આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન શિક્ષક શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ.

- **New initiative: knowledge sharing, state level conference of all principals.**

First time in the History of Gujarat state, Ankur hosted "Panel Discussion for Uniformity in Curriculum in Schools of ID" a state level conference was organized. Principals of Surat, Vadodra, Ahmedabad, Junagadh, Borsad, Jamnagar, Dhoraji, Valsad, Anand, Botad and other places, total 15 Principals participated in the conference. A detailed discussion was carried out for the admission procedure, screening, assessment tools, evolution method and curriculum. It was stressed to have common admission procedure and curriculum in all schools of state. Our president shri Vinodbhai Hakani, Hon. Sec. shri Alpeshbhai Sheth, shri D.J. Dhandhukiya remained present. The whole event was conducted successfully by our teachers Parulben Pathak and Reshamaben Shah under the able guidance of our Principal shri Meghjikhan Saybani.

- **Celebration of Manodivyang Day:**

8th December is celebrated as MANO DIVYANG day all over world. Theme for the year 2023 was "Mental health is a universal Human Right" with a view to make Mano Divyang children, happy and celebrate the day with utmost bliss children of the school were devided in 2 groups. Group with less age were taken to Bortalao - Bal Vatika and higher age group were taken for PICNIC at farm house near Mamsa (industrial corridor near Bhavnagar on the way to Alang Ship Recycling yard) by Mahmadraza Merchant. All the children enjoyed the day with games, various rides and free Dance and celebrated the day in true sense. The celebration was concluded with delicious dinner.

## ♦ નવી પહેલ : નોલેજ શેરીગ, આચાર્યશ્રીઓ નું રાજ્ય કક્ષાનું અધિવેશન

સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ વખત અંકુર શાળાના યજમાનપદે "Panel Discussion for Uniformity in Curriculum in Schools for ID" વિષય ઉપર આચાર્યશ્રીઓનું રાજ્ય કક્ષાનું અધિવેશન યોજાયેલ જેમા ગુજરાતનાં સુરત, વડોદરા, અમદાવાદ, જુનાગઢ, બોરસદ, જામનગર, ધોરાજી, વલસાડ, આણંદ, બોટાદ વિગેરે સ્થળોએથી સ્પેશ્યલ સ્કુલના ૧૫ આચાર્યશ્રીઓ હાજર રહ્યા. મનોદિવ્યાંગ બાળકોની એડમિશન પ્રક્રિયા, સ્કીનીગ, એસેસમેન્ટ ટુલ્સ, ઈવોલ્યુએશન મેથડ તથા કરીક્યુલમ અંગે વિશદ ચર્ચા કરવામાં આવેલ તથા સમગ્ર રાજ્યની દરેક સ્પેશ્યલ સ્કૂલમાં સમાન એડમિન પ્રક્રિયા તથા કરીક્યુલમના અમલ પર ભાર મુકવામાં આવેલ.

આ અધિવેશનમાં શાળાના પ્રમુખશ્રી વિનુભાઈ હકાણી માનદ્મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ડી. જે. ધંધુકિયા ઉપસ્થિત રહેલ આ સમગ્ર અધિવેશન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી પારૂલબેન પાઠક તથા શ્રી રેશ્માબેન શાહે સફળતા પૂર્વક સંપન્ન કરેલ.

## ♦ મનોદિવ્યાંગ દિવસની ઉજવણી

૮ ડિસેમ્બરનાં રોજ મનોદિવ્યાંગ દિવસની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી વર્ષ ૨૦૨૩ ની થીમ હતી "Mental Health is a Universal Human Right" મનોદિવ્યાંગ બાળકો આ દિવસને ખુબ આનંદમય રીતે મનાવે તે આશય ને ધ્યાનમાં રાખી નાના બાળકો માટે બોરતળાવ - બાલવાટીકા ખાતે અને મોટા બાળકો માટે મહમદરઝા મર્ચન્ટ દ્વારા મામસા સ્થિત ફાર્મ હાઉસ ખાતે પીકનિકનું આયોજન કરવામાં આવેલ જ્યાં બાળકોએ વિવિધ રાઈડ્સ, રમતો તેમજ ફ્રી ડાન્સનો આનંદ માણી ખરા અર્થમાં આ દિવસની સુંદર ઉજવણી કરેલ અને અંતમા સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો.









- **Seminar on world down syndrome day:**

21st March is celebrated every year as world down syndrome day. To celebrate the day a seminar was organized in school for the parents of children with down syndrome. The first lecture of the seminar on the food and drinking habits of these children was delivered by our physiotherapist Dr. Radhika Gohel. Our principal shri Meghjikhan Saybani explained about various activities that can be undertaken by these children at school and home. Two children from youngest and eldest group were presented. There after Dr. Subhashbhai Aapte, occupational Therapist from Ahmedabad explained in detail on the matter of occupational therapy which can be given at home. He presented subject in depth with the help of online presentation. About 55 parents participated in this seminar. Our Hon. Sec. Shri D.J.Dhankuiya also given guidance to the parents. Vote of thanks was proposed by Shri Parulben Pathak. Our staff member shri Mayurbhai Rathod has cleverly arranged for online presentation and was successfully completed. The entire program was conducted by Shri Reshmaben Shah and coordination was done by Shri Meghjikhan Saybani.

- **Autism awareness day :**

2nd April is celebrated as autism awareness day all over the world. On this occasion parents of the students of the school with Autism, students of Teachers Training College participated in the online seminar organized by the National Trust New Delhi. Participants were enlighten by very useful information about Autism.

♦ **વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ સેમિનાર**

તા.૨૧ માર્ચ વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ નિમિત્તે શાળામાં ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બાળકોના વાલી માટે એક સેમીનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વકતા શાળાના ફિઝિયોથેરાપિસ્ટ ડો. રાધિકાબેન ગોહેલ દ્વારા ડાઉન સિન્ડ્રોમ બાળકોમાં ખાનપાનની આદતો પર વકતવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા ડાઉન સિન્ડ્રોમ બાળકો માટે શાળા અને ઘર માં કઇ કઇ પ્રવૃત્તિઓ કરાવી શકાય એ અંગે વાત કરવામાં આવેલ આ ઉપરાંત સૌથી નાના ગ્રુપમાં અને સૌથી મોટા ગ્રુપમાં થી બે ડાઉન સિન્ડ્રોમ બાળકો ને પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અમદાવાદના ઓકયુપેશનલ થેરાપીસ્ટ ડો. શ્રી સુભાષભાઇ આપ્ટે દ્વારા ઘરમાં જ આપી શકાય તેવી ઓકયુપેશનલ થેરાપી વિષય પર ઊંડાણપૂર્વક બહુ સરળ ભાષામાં ઓનલાઇન પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સેમિનારમાં આશરે ૫૫ જેટલા વાલીઓએ ભાગ લીધો હતો. આ સાથે માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ દ્વારા વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતમાં શ્રી પારુલબેન પાઠક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ઓનલાઈન કાર્યક્રમમાં જોડવાની કામગીરી શ્રી મયુરભાઇ રાઠોડ દ્વારા સરસ રીતે કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશમાબેન શાહ દ્વારા કરવામાં આવેલ તેમજ સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાની દ્વારા કરવામાં આવ્યુ હતુ.

♦ **ઓટીઝમ અવેરનેસ ડે**

સમગ્ર વિશ્વમાં ૨ એપ્રિલ ઓટીઝમ અવેરનેસ ડે મનાવવામાં આવે છે જે અંતર્ગત શાળામાં તાલીમ મેળવતા ઓટીઝમ બાળકોના વાલીઓ તથા ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ નેશનલટ્રસ્ટ-ન્યુદિલ્હી આયોજીત ઓનલાઇન સેમીનારમાં જોડાઇને ઓટીઝમ વિશે અતિ ઉપયોગી માહિતી મેળવેલ.

## 2. Meetings

## ૨. મીટિંગ્સ







- **Annual General Meeting (AGM)**

  Annual General Meeting was arranged on 01/10/2023.Vice President Shri Vinod N Hakani briefed about general information of the school. Hon Sec. Shri Alpeshbhai Sheth briefed about various activities arranged during the year and other matters related to administration. Hon.Sec (education) shri D.J.Dhandhukiya presented about the educational activities of the school. Hon. Treasurer Shri Devalbhai presented the Accounts of the year and Budget for the upcoming year. All the trustees and members present in the meeting admire the working and Presentation of annual Report and for that congratulations were conveyed to Team Ankur.

- **S.W.O.T. Analysis:**

  By the endeavors of our Hon,Sec.(edu) Shri D.J.Dhandhukiya, a workshop was organized on 21/09/2023 on S.W.O.T. ANALYSIS. Expert of the S.W.O.T. Analysis Shri Manubhai Dave was invited for the workshop. Our Managing Trustee Shri Bababhai, Vice president shri Vinodbhai N Hakani, Hon.Secretaries S/Shri Alpeshbhai sheth and D.J.Dhandhukiya, Principal Shri Meghjikhan Saybani, all teachers, Therapists and Parents participated in the workshop. Shri Manubhai analysed our working system, vision, mission and subject was discussed thread and bare.

- **Appointment of Shri Vinodbhai N Hakani as President of the institute:**

  In the AGM convened on 01-10-2023, following important Resolutions were passed.The post of President of the institute was vacant due to sad demise of president shri Shashibhai Vadar. present vice president Shri Vinodbhai N Hakani

♦ **એન્યુઅલ જનરલ મિટીંગ**

વર્ષ ૨૦૨૨-૨૩ની બોર્ડ ઓફ ટ્રસ્ટીની મિટીંગ તા.૦૧-૧૦-૨૦૨૩ના રોજ યોજાયેલ જેમાં ઉપપ્રમુખ શ્રી વિનોદ એન. હકાણીએ શાળા વિશે જનરલ માહિતી આપેલ. માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહિવટી બાબતોની માહિતી આપેલ. શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા આપવામાં આવેલ માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તરફથી બજેટ તથા ઓડિટ હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. મિટીંગમાં હાજર ટ્રસ્ટીશ્રી તથા સભ્યશ્રીઓ દ્વારા સંસ્થાની કામગીરીને બિરદાવવામાં આવેલ. અને અંકુરની સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવેલ.

♦ **S.W.O.T. એનાલીસીસ**

માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબના પ્રયોત્નોથી શાળામાં તા.૨૧-૦૯-૨૦૨૩નાં રોજ S.W.O.T. એનાલીસીસ એક્ષપર્ટ શ્રી મનુભાઈ દવેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શાળાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ) ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ શ્રી અલ્પેશભાઈ શેઠ માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તેમજ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી સર્વો શિક્ષકો, થેરાપીસ્ટો તથા વાલીઓ આ વર્કશોપમાં જોડાયેલ જેમાં શ્રી મુનીભાઈ દ્વારા સંસ્થાની કાર્ય પધ્ધતિ - વિઝન - મિશન અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

♦ **શ્રી વિનુભાઈ હકાણીની પ્રમુખ પદે નિયુક્તિ**

તા.૦૧-૧૦-૨૦૨૩નાં રોજ વર્ષ ૨૦૨૨-૨૩ની કાર્યવાહક કમિટી તથા ટ્રસ્ટી મંડળની વાર્ષિક મિટીંગ (A.G.M.) માં મહત્વના ઠરાવ પસાર કરવામાં આવ્યા.

સ્વ. શ્રી શશીભાઈના અવસાનથી ખાલી પડેલ જગ્યાએ વર્તમાન ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીની પ્રમુખ તરીકે

was selected unanimously for the post of President. Shri Parasbhai Shah was appointed as Trustee. All the members welcomed both appointments and congratulated them with bouquet of flowers.

Shri Vinodbhai Hakani is serving the institute since last 25 years as trustee. Education, training and Rehabiliation of Mano Divyang children are the areas of his interest and work. Over and above he is also have reach experience of institutional management.

Parent body P.N.R. society's secretary shri Parasbhai has joined our institute as trustee which will increase our strength. We shall be benefited by his administrative expertise.

- **Ankur Parivar congratulates and welcome.**

**Half Yearly Parents Meeting with distribution of clothes, sweets and crackers:**

At the end of first term of the current education year, a parent Meeting was arranged. Parents were briefed about the progress of their child and also given information and advise about activities to be carried out at home during Dipavali Vacation. All the students (total 230) were gifted with one pair of readymade cloth by the renounced Industrialist of Bhavnagar Shri Jayantbhai Vanani (Budhabhai patel). As per tradition, shri Nimeshbhai Desai ( Jitubhai Fatakadavala ) and Paragbhai Maniyar gifted crackers to the children. Other donors gifted Sweets and Namkeens to make Dipavali of the children more happy. On this occasion, shri Paragbhai Maniyar, our Secretary Shri Alpeshbhai Sheth and our Hon. Treasurer shri Devalbhai Shah were present.

સર્વાનુમતે વરણી કરવામાં આવી તેમજ શ્રી પારસભાઈ શાહની ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી જેને સર્વે સભ્યોએ હર્ષભેર આવકારી તેમને પુષ્પગુચ્છ સાથે અભિનંદન પાઠવેલ.

શ્રી વિનુભાઈ હકાણી ૨૫ વર્ષથી અંકુર સંસ્થામાં ટ્રસ્ટી તરીકે માનદ્ સેવા આપી રહ્યા છે. મનોદિવ્યાંગ બાળકોની તાલીમ, શિક્ષણ, પુનર્વસન તેમનું કાર્યક્ષેત્ર રહ્યુ છે સાથે ઈન્સ્ટીટ્યુશનલ મેનેજમેન્ટનો પણ બહોળો અનુભવ ધરાવે છે.

પેરેન્ટ બોડી પી.એન.આર. સોસાયટીના જનરલ સેક્રેટરીશ્રી પારસભાઈ શાહ ટ્રસ્ટી મંડળમાં જોડાતા સંસ્થાની સ્ટ્રેન્થ વધશે અને તેમના વહિવટી કૌશલ્યનો પણ લાભ મળશે.

સંસ્થા પરિવાર દ્વારા તેમનું અભિવાદન અને અભિનંદન.

♦ **અર્ધવાર્ષિક વાલી મિટીંગ કપડા-ફટાકડા -મીઠાઈ વિતરણ**

પ્રથમ સત્રના અંતે એક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં વાલીઓને બાળકોના પ્રગતિ અહેવાલ આપવામાં આવેલ તથા વેકેશન દરમિયાન બાળકોને ઘરે કરાવવાની પ્રવૃત્તિ અંગે માહિતગાર કરવામાં આવેલ તેમજ ભાવનગરનાં પ્રણીતા ઉદ્યોગપતિ શ્રી જયંતભાઈ વનાણી (બુધાભાઈ પટેલ) તરફથી શાળામાં તાલીમ મેળવતા ૨૩૦ બાળકોને રેડીમેડ કપડાની એક જોડ સહર્ષ ભેટ આપવામાં આવી હતી. વિશેષમાં દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી નિમેષભાઈ દેસાઈ (જીતુભાઈ ફટાકડાવાળા) તથા પરાગભાઈ મણિયાર તરફથી બાળકોને ફટાકડા આપવામાં આવેલ તથા દાતાશ્રીઓ તરફથી મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી પરાગભાઈ મણિયાર તથા સંસ્થાના માનદ્મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા માનદ્ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહેલ.










- **Meeting for S.W.O.T. Analysis:**
  Under the president ship of Hon. Sec.(Edu.) shri D.J.Dhandhukiya a meeting for S.W.O.T. Analysis and to decide road map of the institute for next 5 years was held. Meeting also discussed about syllabus to be offered from next educational year i.e. 2024-25. A brain storming discussion was done for all these aspects. Our Hon.Sec.(Edu.) shri D.J.Dhandhukiya sir, principal shri Meghjikhan Saybani all senior teachers and Therapists participated in the meeting.
- **Yearly Parents Meeting:**
  On 01-05-2024 annual parents meeting was conducted. Meeting was starts with melodious prayer by one of our student shri Jeet Chavda. Hon. Secretaries Shri D.J.Dhandhukiya briefed about educational vision and parents role in that. Hon. Sec. (admin.) Shri Alpeshbhai sheth briefed about various activities undertaken in the school. Our Principal Shri Meghjikhan Saybani informed the parents about various activities carried out by the school during the year. Students with achievements in the area of games and cultural activities were honored. Auto Riksha drivers were also given cash awards for their devotation and dedication for their extremely difficult job. Program was conducted by Shri Krishnaben Rupera. Shri Parulben Pathak proposed vote of thanks. The entire program was coordinated by principal shri Meghjikhan Saybani. Total 160 parents were present in the meeting. All parents gave positive feedback and were satisfied about education, training, facilities, welfare activities, dedication of teachers in the school. They were also satisfied about development of their children.

♦ **S.W.O.T. એનાલીસીસ અંગે મીટીંગ**

માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબની અધ્યક્ષતામાં S.W.O.T. એનાલીસીસ તેમજ સંસ્થાનો આગામી પાંચ વર્ષ માટેનો રોડમેપ તૈયાર માટે તથા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ થી કયો સિલેબસ અમલમાં મુકવો તે અંગે એક અગત્યની મિટીંગ યોજાયેલ જેમાં ઉપરોક્ત વિવિધ પાસાઓ અંગે ગહન ચર્ચાવિચારણા કરવામાં આવેલ જેમાં માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તથા સર્વે સીનિયર શિક્ષકો તથા થેરાપિસ્ટો જોડાયેલ.

♦ **વાર્ષિક વાલી મિટીંગ**

તા.૦૧-૦૫-૨૦૨૪ નાં રોજ વાર્ષિક વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાના બાળક ચિ. જીત ચાવડાની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ શાળાના માનદ્મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ દ્વારા બાળકોના વિકાસ અંગે શૈક્ષણિક દ્રષ્ટિકોણ તથા વાલીઓની ભૂમિકા અંગે વિસ્તૃત છણાવટ કરેલ. માનદ્મંત્રીશ્રી અલ્પેશભાઇ શેઠે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે વાલીઓને અવગત કરેલ. તથા સમગ્ર વર્ષ દરમ્યાન શાળામાં કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ માહિતી આપેલ તેમજ આ સાથે રમત-ગમત ક્ષેત્રે તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સિધ્ધિ મેળવેલ બાળકોનું સન્માન કરવામાં આવેલ તેમજ રીક્ષાચાલક ભાઇઓને રોકડ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવેલ તથા વાલીઓના મંતવ્ય મેળવેલ જેમાં અંદાજીત ૧૭૦ જેટલા વાલીઓ હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તથા આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું. વાલીઓએ શાળામાં અપાતા શિક્ષણ, તાલીમ, સગવડો, વેલ્ફેર પ્રવૃત્તિઓ, શિક્ષકોનું ડેડિકેશન વગેરે બાબતે સુંદર પ્રતિક્રિયા આપી બાળકોના વિકાસ અંગે સંતોષ વ્યકત કરેલ.

# 3. Success stories and feedback from parent

## MUSIC THERAPY

Name of the Child: Jhanav J Joshi

Disabilty : Autisum + I.D. (81%)

Admision in the School : 14-06-2022

Age: 11 Years Std: 2nd (A)

Jahnav who looks like fresh delicate flower in appearance, but by nature, many times becomes very angry and dangerous. He is the child who some time injures other person by biting or by Nailing and make them harassed. He was the child who can't seat without any movement, who didn't like any activity, who don't remain in eye contact, if we give him any command, he will act like as if he has not heard anything. He was also harassing her mother very much. He didn't like to keep systematically his school bag and shoes/slippers. He liked very much to view mobile but if teacher or anybody else operate that mobile he didn't like it, he was insisting that he alone should operate mobile and if his wish was not fulfilled he becomes angry, he starts shouting and sometime crying.

Jahnav who was suffering such type of many problems of behavioral aspect, was brought to Ankur School for Admission; his Journey in Ankur school started in June-2022. In the starting he was kept under observation for half day in the class of shri Ansuyaben Barad. Alongwith that, all necessary therapies were also started. Accordingly Music Therapy for Jahnav was also started.

At the initial stage, with great efforts, when his mother forced him by



# ૩. સક્સેસ સ્ટોરી તથા વાલી પ્રતિભાવ

## મ્યુઝિક થેરાપી

બાળકનું નામ :- જહાનવ જે. જોષી

ડિસેબીલીટી :- ઓટિઝમ + આઇ.ડી. (૮૧%)

શાળામાં એડમિશન :- તા.૧૪.૦૬.૨૦૨૨

ઉંમર :- ૧૧ વર્ષ ધોરણ :-૨ (એ)

જહાનવ જે દેખાવમાં એક તા સુંદર ફુલ જેવું કુમળુ બાળક, પણ સ્વભાવે ઘણી વખત રૌદ્ર રૂપ ધારણ કરે એવું બાળક. સામેવાળી વ્યકિતને બાખોડિયા, બટકા ભરી હેરાન-હેરાન કરી મુકે તેવો બાળક. જેને સ્થિર બેસવું ન ગમે, કોઈ પ્રવૃત્તિમાં જોડાવું ન ગમે, આંખો મેળવી સંપર્કમાં ન રહે, કમાન્ડ આપીએ તો સાંભળ્યું જ ન હોય તેમ વર્તન કરે !, માતાને ખૂબ હેરાન કરે, પોતાના દફતર-ચપ્પલને વ્યવસ્થિત મૂકવા તેને ન ગમે, મોબાઈલ જોવો ખૂબ ગમે પણ જો એ મોબાઈલ શિક્ષક કે અન્ય વ્યકિત ઓપરેટ કરે તો તે ન ગમે, મોબાઈલ તેને પોતેજ ઓપરેટ કરવો હોય તેવી ઝીદ અને ઝીદ પૂરી ન થાય તો ગુસ્સો કરે, રાડો પાડે તો કયારેક વળી રડી પણ પડે.

આવી ઘણીબધી વર્તન સમસ્યાનો સામનો કરતા જહાનવના માતા તેને અંકુર શાળામાં એડમિશન અપાવવા લઈ આવ્યા અને જહાનવની અંકુર શાળાની સફર જુન-૨૦૨૨ દરમ્યાન શરૂ થઈ. શરૂઆતમાં તેને અડધા દિવસ માટે ઓબ્ઝર્વેશનનાં શ્રી અનસુયાબેન બારડના વર્ગમાં મૂકવામાં આવેલ. સાથે જ તેની જરૂરિયાત મુજબની બધીજ થેરાપી પણ શરૂ થઈ અને સાથેજ મ્યુઝીક થેરાપિસ્ટ ડો. શ્રી ભાવનાબેન માર્ગદર્શન હેઠળ જહાનવની મ્યુઝિક થેરાપી પણ શરૂ થઈ.

સંગીત રૂમમાં આવે ત્યારે શરૂઆતમાં જહાનવને સતત તેની માતા પકડીને બેસાડે ત્યારે તે થોડી ક્ષણ માટે બેસતો છતાં સંગીત તેને ગમે

holding him in sitting position, he was able to sit for few seconds. However I could recognize from the first session of Music therapy, that he likes music. Very few children are there who don't like to play musical instruments but like to hear the music. Jahnav was one of such children. We put in front of him various musical instruments but he didn't show any interest to take them in the hand. But when music for silence was played, he sited calmly for some time. If a child is able to sit calmly without any activity for few moments, it is the starting point of his all-round growth and this starting point was achieved through Music.

Slowly we started the efforts to note his liking of music. For this we played various type of music for him and we come to know that jahnav was inclined to hear "HANUMAN CHALISA" . With this a sweet and lovely connection of Jahnav with music room and music was established and his actual Music Therapy was started.

Be it Hanuman Chalisa or Mataji's Aarti, or chanting of Mantras or prayer of Jesus or Aazan/ Bang of Namaz all these are in carted with Musical Soor and Lay (musical nodes). This Music affets Mind and entire body of child. Child's neurological defects can also be treated with the melody of music. This will also help body to make every important systems of the body in tune with natural and healthy systems.

With the help of good tuning of Musical nodes and it's proper speed in right direction has helped Jhanav to make positive change in his behavior and nature to a great extent. Jhanav has now started to seat independently and enjoy the music in the Music therapy session. He also try to sing Hanumanchalis's stanza or some Bhajan sometime. After hearing and enjoying the music he becomes calm and stable in his other class activities. He is also trying to establish eye contact with other person/ teacher and try to understand the

છે એ વાતની સમજ મને તેના મ્યુઝિક થેરાપીના પહેલા સેશનમાંજ આવી ગયેલ. બહુ ઓછા બાળકો એવા હોય છે જેને સંગીતના વાદ્યો વગાડવા ઓછા ગમે પણ સંગીત સાંભળવું વધારે ગમે. જહાનવ આવા બાળકોમાં જ આવતું બાળક છે. તેની સામે અલગ-અલગ સંગીતના વાદ્યો મૂકી જોયા પણ તેને વાદ્યો હાથમાં લેવામાં પણ રસ ન પડતો. પણ જ્યારે શાંત સંગીત વગાડવામાં આવે ત્યારે તે થોડીવાર શાંત બેસતો. કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ વગર બાળક થોડી ક્ષણ માટે પણ જો શાંત બેસે તો એ બાળકના સર્વાંગી વિકાસની હકારાત્મક શરૂઆત ગણી શકાય અને આ શરૂઆત સંગીત થકી થઈ શકી.

ધીરે-ધીરે જહાનવની પસંદગી નોંધવા તેને અલગ-અલગ પ્રકારનું સંગીત સંભળાવવામાં આવ્યું અને એક વાત જાણવા મળી કે જહાનવને હનુમાન ચાલીસા પ્રત્યે સારો લગાવ છે આ સાથે જ સંગીત અને સંગીતરૂમ સાથે જહાનવનું એક પ્રેમાળ કનેકશન બંધાયું અને જહાનવની એકચ્યુઅલ મ્યુઝિક થેરાપી શરૂ થઈ.

વાત હનુમાન ચાલીસાની હોય કે આદ્યશકિત આરતી કે મંત્રોચ્ચાર, જીસસની પ્રાર્થના કે પછી અઝાન કે બાંગ પોકારવાની હોય તે દરેકમાં સંગીતના સૂર અને લયનો સુમેળ સર્જાયેલ હોય છે. જેની અસર બાળકના મસ્તિષ્ક અને સંપૂર્ણ શરીર રચના પર પડે છે. બાળકની ન્યુરોલોજીકલ તકલીફોને પણ સંગીતના સૂર અને લયની મદદથી ઓછી કરી શકાય છે. અને શરીરની અંદર રહેલા દરેક તંત્રની ગતિ પણ સુયોગ્ય બનાવી શકાય છે.

સંગીતના સૂરોનો સુમેળ અને યોગ્ય ગતિથી આજે જહાનવના વર્તનમાં અને સ્વભાવમાં ઘણોજ સકારાત્મક ફર્ક જોવા મળે છે. જહાનવ હવે મ્યુઝિક થેરાપીના સેશનમાં સ્વતંત્ર રીતે સ્થિર બેસીને સંગીતનો આનંદ લેતો થયો છે કયારેક કોઈ ભજન કે હનુમાન ચાલીસાની કોઈ ચોપાઈ ગાવાનો પણ તે પ્રયત્ન કરે છે અને સંગીત સાંભળ્યા બાદની પોતાના વર્ગની અન્ય પ્રવૃત્તિમાં તે હવે શાંત અને સ્થિર થતો જોવા મળે છે. તેમજ સામેની વ્યકિત સાથે આંખોથી સંપર્ક કરી તેના કમાન્ડ સમજવાનો અને એ મુજબ વર્તન કરવાનો પ્રયત્ન કરે છે.

command given and behave accordingly. Here we should understand that child with Autism is not able to establish eye contact with person in front of him. This a symptom of his disability, but with the music and other activities associated with music, it is possible to make positive changes to some extent in the child.

In this way since last 1 year Jhanav, along with his class activities and other therapies, Music therapy has added a golden chapter in his and his family member's lives. This has brought a happy turn in the lives of Jhanav's family members which is the belief of Jhanav's Mother. Let us pray almighty God that Jhanav who is like a small plant of tiny flower, when becomes elder like a banian tree, his life will be free from many difficulties with the help of his favorite Music. Along with this life of his family members will also be easy and Positive.

**Physiotherapy**

A child named Rian Sohilbhai Saiyad age 1year and 8 moths was brought to Ankur. At that time his Mussels down to his waist and of the lags were very weak and without any strength as a result child was unable to stand independently. We at Ankur made complete assessment of his problem and started his physiotherapy treatment.

In the treatment we concentrated on:

1. Strengthening Exercise.
2. Weight bearing Exercise.
3. Balance Exercise.

All three exercise were performed and practiced by the child. Child was brought in Ankur on 27th March 2024 and within 3 months of therapy this child is able to bear weight on his lags and easily can walk and run independently.



અહીં એ નોંધવું રહ્યું કે ઓટિઝમ ધરાવતું બાળક તેની સામેની વ્યકિત સાથે આંખો મેળવી વાત નથી કરતું એ તેની અક્ષમતાનું જ એક લક્ષણ છે. પરંતુ સંગીત અને સંગીત સાથેની પ્રવૃત્તિની મદદથી બાળકમાં થોડા-ઘણાં અંશે હકારાત્મક ફેરફાર લાવી શકાય તેવી શકયતાઓ હોય છે.

આ રીતે જ છેલ્લા એક વર્ષથી જહાનવની વર્ગની પ્રવૃત્તિ અને અન્ય જરૂરી થેરાપી સાથે મ્યુઝિક થેરાપી જાણે સોનામાં સુગંધ ભળી હોય તેમ જહાનવના અને તેના પરિવારના લોકોના જીવનમાં એક સુખદ વળાંક લાવી રહી છે, તેવું જહાનવના માતાનું પણ માનવું છે. ઇશ્વરને પ્રાર્થના કરીએ કે જહાનવના પ્રિય સંગીતની મદદથી કૂમળા ફુલ સમો જહાનવ જયારે વટવૃક્ષ બને ત્યારે તેના જીવનમાંથી ઘણી તકલીફો દૂર થઈ હશે અને તેનું જીવન, સાથે તેના પરિવારજનોનું જીવન સરળ અને સકારાત્મક બન્યુ હશે.

♦ **ફિઝીયોથેરાપી**

રીયાન સોહિલભાઈ સૈયદ નામનું આ બાળક ૧ વર્ષ ૮ મહિનાનું હતું ત્યારે તે અમારી શાળામાં આવેલ ત્યારે આ બાળકને કમરથી નીચેના ભાગના સ્નાયુ અને પગના સ્નાયુ માં તાકાત ઓછી હોવાના કારણે તે પોતાની જાતે પોતાના પગે ઉભુ થઈ શકતું ન હતું. ત્યારબાદ અહી અમે તેનું પૂરતુ અસેસમેન્ટ કરી અને ફિઝીયોથેરાપી ટ્રીટમેન્ટ શરૂ કરી જેમાં અમે

- Strengthening Exercises
- Weight bearing Exercise
- Balance Exercises

આ કસરત કરાવતા હતા. આ બાળક ૨૭ માર્ચ ૨૦૨૪ માં આવેલ અને માત્ર ૩ મહિનાની થેરાપી ડો. શ્રી રાધીકાબેન રાઠોડ દ્વારા આપવામાં આવેલ અને હાલ આ બાળક પોતાના પગ ઉપર વજન લઈ શકે છે અને આસાનીથી સ્વતંત્ર રીતે ચાલી દોડી શકે છે.

# વાલીનો પ્રતિભાવ

To,

Shri Ankur Special School for Mentally Retarded children,

Sardarnagar,

Bhavnagar.

My child was admitted in Ankur in the year 2017. He was 6 years old at that time. He was experiencing very much difficulty in speaking. He could utter few words like Mummy, Papa, Dada, Dadi, Ba. With a motive of making him fluent speaking, we contacted Dr. Kaushal Bhatt who is taking classes for speech Therapy. We paid regular visit to this class for 2 years and twice a week but there was no change. After that shri Krishnaben Rupera speech therapist of Ankur started a daily class of speech Therapy for 40 to 45 minutes for my Son Rudra. This brought a magical change in my son and his speaking ability has improved a lot. When he is thirsty and need water he tells me "PAPA MANE PANI AAPO" after hearing his speech I feel that my son can speak a lot and very clearly. His speech is so... sweet....that we wish that he speak continuously and let we hear him. Along with speech, in this class child is also taught about birds, animals, fruits, vegetables etc are also introduced and taught to children. Child after seeing all these learn the names of various things and starts to speak them in his daily life.

Thanks.

Yours,

Rudra's Papa

( Gaurangbhai Solanki )

**પ્રતિ,**

**શ્રી અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળા**

**સરદારનગર,**

**ભાવનગર.**

**મારા બાળકે જયારે વર્ષ ૨૦૧૭ માં અંકુર શાળામાં પ્રવેશ કર્યો ત્યારે તે ૬ વર્ષનો હતો, તેને બોલવામાં બહુ તકલીફ પડતી તે ફક્ત મમ્મી, પપ્પા, દાદા, દાદી, બા, જેવા શબ્દો બોલતો અમે તેને સરસ બોલતો થઈ જાય તે માટે ડૉ. કૌશલ ભટ્ટ સાહેબ જે સ્પીચ થેરાપીનાં કલાસ ચલાવે છે તેમને ત્યાં અઠવાડિયામાં બે દિવસ એવી રીતે લગભગ બે વર્ષ સુધી લઇ ગયા છતા કોઈ જાતનો સુધારો હતો નહી પણ જયારે અમને અંકુર સ્કુલના સ્પીચ થેરાપી ટીચર શ્રી ક્રિષ્નાબેને મારા બાળક રૂદ્રને રોજ ૪૦ થી ૪૫ મીનીટમાં સ્પીચનાં કલાસ લેવાનું ચાલુ કર્યું એટલે રૂદ્રમાં બોલવામાં આજે ઘણો એટલે એકદમ કેમ જાદુ થાય એવી રીતનો સુધારો છે. મારા બાળકને તરસ લાગે તો તે મને કે છે કે પપ્પા મને પાણી આપો જે સાંભળી મને એવુ લાગે છે કે પેહલા કરતા મારો છોકરો ઘણુબધુ અને ઘણુ ચોખ્ખુ બોલે છે તો કે એની ભાષા એવી મીઠ્ઠી છે કે આપણને એમ થાય કે એ બોલ્યા કરે અને આપડે સાભળ્યા કરીએ. બોલવાની સાથે આ સ્પીચ કલાસ માં પક્ષીઓ, પ્રાણીઓ, ફ્રુટ, શાકભાજી વગેરે વિષય વસ્તુ ની ઓળખ શીખવાડવામાં આવે છે. જેનાથી બાળક બધી વસ્તુ જોઇને એ વસ્તુનુ નામ રોજિંદી ક્રિયામાં બોલતા શીખી જાય છે.**

**આભાર...**

**લી.**

**રૂદ્રનાં પપ્પા**

**(ગૌરાંગભાઈ સોલંકી)**





## (4) Achievements, Celebrations, Awards, Games, cultural activity, Incidents and others:

- **Vaccination camp:**

On 13-07-2023 with the cooperation of Urban Health center Bharatnagar Bhavnagar a vaccination camp for Titenas + diphtheria (Td) was organized. Children above 10 years and 16 years were vaccinated for Titenas + diphtheria (Td). Total 22 children were vaccinated for the Titenas + diphtheria (Td).

- **Cleanliness drive:**

Under the theme of "Swatchh Bharat, Swasth Bharat"; on the 2nd October, Gandhi Jayanti Day, a labour donation (shram Dan) was organized in which all staff members undertook cleaning of school campus and by that paid homage to Mahatma Gandhi father of our nation.

- **Visit to CP School:**

5th October is celebrated as cerebral palcy day. As a part of this celebration, a educational exhibition was arranged at Natraj C.P.School. 20 students and 2 teachers visited the exhibition. Our Principal Meghjikhan Saybani remained present in award function.

- **Nation builder best teachers award bestowed upon Dr. Bhavnaben Andhariya of our school :**

On 30-09-2023, Rotary club of Bhavnagar Royal selected 11 teachers who have contributed most in their own ways for the society and for the building up the Nation. All these 11 teachers were honoured

## ૪. સિદ્ધિઓ, પ્રસંગો, એવોર્ડ, રમત-ગમત, કલ્ચરલ એક્ટિવિટી તથા અન્ય

♦ **રસીકરણ કેમ્પ - સ્વાસ્થ્ય સુરક્ષા**

તા.૧૩-૦૭-૨૦૨૩નાં રોજ અર્બન હેલ્થ સેન્ટર ભરતનગરના સહયોગથી શાળામાં ૧૦ વર્ષ અને ૧૬ વર્ષની ઉંમરના બાળકો માટે ટીટનેસ + ડિપ્થેરીયા (T.D.) રસીકરણ કેમ્પ યોજાયેલ જેમાં કુલ ૨૨ બાળકોને ટીટનેસ + ડિપ્થેરીયા રસી આપવામાં આવેલ.

♦ **સ્વચ્છતા અભિયાન**

સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન અંતર્ગત ગાંધી જયંતિ નિમિત્તે શ્રમદાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં શાળાના સ્ટાફ મિત્રો દ્વારા શાળાના કેમ્પસની સફાઈ કરી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને અંજલિ અર્પણ કરેલ.

♦ **સી.પી. શાળાની મુલાકાત**

૫ ઓકટોબર સેરેબ્રલ પાલ્સી ડે તરીકે ઉજવવામાં આવે છે જેના અનુસંધાને નટરાજ સી. પી. સ્કૂલમાં એક શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ૨૦ બાળકો તથા ૨ શિક્ષકોએ મુલાકાત લીધેલ તેમજ સન્માન સમારોહમાં આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી હાજર રહેલ.

♦ **નેશન બિલ્ડર શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવતા ડો. શ્રી ભાવના અંધારિયા મહેતા**

રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા તા.૩૦-૦૯-૨૦૨૩ નાં રોજ શૈક્ષણિક ક્ષેત્રે પોતાના આગવા પ્રદાન દ્વારા સમાજ અને રાષ્ટ્ર ઘડતર માટે વિશિષ્ટ કાર્ય કરી રહ્યા છે તેવા કુલ ૧૧ શ્રેષ્ઠ શિક્ષકને














with Nation Builder award. Award honouring function was held at Zaverchand Meghani auditorium in the presence of ex.M.P.of Bhavnagar shri Rajendrasinh Rana and under the presidentship of M.D. Of Silverbells school Smt.Amarjyotiba Gohil. In this function our music Therapist Dr. Bhavnaben Andhariya was bestowed award of National Builder for her style of peaceful and unique contribution for the positive change and Life building of the ManoDivyang children with the help of music therapy. Ankur family is proud of Dr. Bhavnaben Andhariya and congratulate her for this splendid achievement.

- **Pride of Ankur School- Nari Shakti Vandna:**

As a part of celebration of 31st Youth Festival of Maharaja Krishnakuamr sinhji university Bhavnagar, various ladies were awarded with “NARI SHAKTI VANDNA” Award for their achievements in various subjects and different woks of life. Our two teachers viz. shri Nehalben Gadhvi for being famous as motivational speaker at National and International level. Our music therapist and well known singer Dr. shri Bhavnaben Andhariya Mehta for her achievement in the area of Music, singing and her contribution as Music Therapist in our school. Ankur family congratulate both S/Shri Nehalben Gadhvi and Bhavnaben Andhariya for this marvelous achievement.

- **Birthday celebration of Nehalben Gadhvi:**

As per evry year's practice, on 05-02-2024, was celebrated as Happy Birthday of young motivational speaker, our teacher and brand ambassador of Ankur shri Nehalben Gadhvi. She offered lunch for

પસંદ કરી તેમને નેશન બિલ્ડર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. જે અંતર્ગત ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ ખાતે પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણા તથા સિલ્વર બેલ્સ સ્કૂલના એમ. ડી. શ્રીમતિ અમરજ્યોતિબા ગોહિલના અધ્યક્ષ સ્થાને સમારોહ યોજાયો હતો. જેમાં મ્યુઝિક થેરાપી થકી દિવ્યાંગ બાળકો સાથે ધૈર્યપૂર્ણ અને અનોખી કાર્યપદ્ધતિ દ્વારા બાળકોના જીવન ઘડતરમાં સકારાત્મક પરિવર્તન લાવવા બદલ શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડો.શ્રી ભાવના અંધારિયા મહેતાનું નેશન બિલ્ડર એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવેલ. આ સન્માન બદલ અંકુર પરિવાર ગર્વની લાગણી અનુભવી તેમને શુભેચ્છા પાઠવે છે.

♦ **શાળાનું - ગૌરવ - ‘‘નારી શકિત વંદના’’**

મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૩૧ માં યુવક મહોત્સવ ૨૦૨૩ દરમ્યાન ભાવનગર શહેરની અલગ અલગ વિષયોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓનું ‘‘નારી શકિત વંદના’’ અંતર્ગત સન્માન કરવામાં આવેલ. જેમાં દેશ વિદેશમાં વકતા તરીકે પ્રસિદ્ધિ અને સફળતા મેળવવા બદલ શાળાના સુશ્રી નેહલબેન ગઢવીનું સન્માન કરવામાં આવેલ તેમજ સંગીત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રગતિ કરી સફળતા અને પ્રસિદ્ધિ મેળવવા બદલ શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ અને સુપ્રસિદ્ધ ગાયિકા ડો. શ્રી ભાવનાબેન અંધારિયા મહેતાનું સન્માન કરવામાં આવેલ. આ સન્માન મેળવવા બદલ શાળા પરિવાર તરફથી શ્રી નેહલબેન અને ડો.ભાવનાબેન ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા...

♦ **શ્રી નેહલબેન ગઢવીના જન્મ દિવસની ઉજવણી**

દર વર્ષની માફક આ વર્ષે પણ શાળાના શિક્ષક સુપ્રસિધ્ધ યુવા મોટીવેશનલ સ્પીકર શ્રી નેહલબેન ગઢવીના જન્મ દિવસ નિમિત્તે તા.૦૫-૦૨-૨૦૨૪નાં રોજ તેમના તરફથી ટ્રસ્ટીશ્રી શાળાના તમામ બાળકો, સ્ટાફ, ટ્રેઈનિઝ

all trustees, students, teachers, staff, trinees, and auto riksha Drivers in the Dimple Restaurant. S/Shri Vinubhai Hakani, Alpeshbhai Sheth and Devalbhai Shah congratulated her with bouquet and Gift.

- **Famous Kathakar Shri Jignesh Dada visited Ankur:**

On 09-02-2024, Famous, young Kathakar shri Jignesh Dada visited our school. He blessed our children. He also praised and blessed our trustees, teachers and staff for their extraordinary work with the Manodivyang children.

- **Present of sports instruments :**

With the help and endeavor of our Hon.Sec.(admin) Shri Alpeshbhai Sheth, members of woman welfare Organization of western Railway visited our school and donated/gifted sports instruments worth Rs. 23000/-. Presendent of western railway woman welfare organization shri Santoshiji and Shri Brijenkumar (member) were present in the function. Shri Arifbhai Jethva has done appreciable efforts for this donation. The function was conducted by Dr. Bhavnaben Andhariya, vote of thanks was prposed by shri Jaypalsinh Gohil the whole function was coordinated by Meghjikhan Saybani.

- **Divyang voting awareness camp:**

For the upcoming common election of Lok Sabha, District election Officer, District social Defense officer and our school jointly arranged a awareness camp for voting for Divyang Voters. Our 6 students used their voting rights in this election.

તથા રીક્ષા ચાલક ભાઈઓને ડિમ્પલ રેસ્ટોરન્ટ ખાતે જમાડવામાં આવેલ. શ્રી વિનુભાઈ હકાણી, શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી દેવલભાઈ શાહે ગીફ્ટ તેમજ બુકે દ્વારા શુભેચ્છા પાઠવેલ.

♦ **પ્રસિધ્ધ કથાકાર પરમ પૂજ્ય. શ્રી જીગ્નેશદાદા શાળાની મુલાકાતે**

ખ્યાતનામ યુવા કથાકર પરમ પૂજ્ય જીગ્નેશદાદાએ તા.૦૯-૦૨-૨૦૨૪નાં રોજ શાળાની શુભેચ્છા મુલાકાત લઈ શાળાના બાળકોને આર્શિવાદ આપેલ અને ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ પરિવારને મંદબુધ્ધિ બાળકો સાથેના આવા અદ્‌ભુત કાર્યો બદલ અભિનંદન પાઠવેલ.

♦ **સ્પોર્ટસના સાધનોની ભેટ**

માનદ્‌મંત્રીશ્રી અલ્પેશભાઇ ના પ્રયત્નોથી વેસ્ટર્ન રેલ્વે વુમન વેલ્ફેર ઓર્ગેનાઇઝેશન ના સભ્યો એ શાળાની મુલાકાત લઈ રૂા.૨૩,૦૦૦/- ના સ્પોટર્સ ના સાધનો શાળાને ભેટ આપેલ આ પ્રસંગે વેસ્ટર્ન રેલવે વુમન વેલ્ફેર ઓર્ગેનાઈઝેશનના પ્રેસિડેન્ટ શ્રી સંતોષિજી તથા શ્રી બ્રિજેનકુમાર મેમ્બર ઉપસ્થિત રહેલ ઉપરોકત ડોનેશન માટે શ્રી આરીફભાઇ જેઠવા એ પ્રશંસનીય પ્રયત્નો કરેલ કાર્યક્રમનું સંચાલન ડો .શ્રી ભાવનાબેન અંધારિયાએ તથા આભાર વિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાઈબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

♦ **દિવ્યાંગ મતદાન જાગૃતિ અભિયાન**

સામાન્ય ચુંટણી-૨૦૨૪ અંતર્ગત જિલ્લા ચુંટણી અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા ખાતાની કચેરી તેમજ શાળાના સંયુકત ઉપક્રમે દિવ્યાંગ મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિશેષમાં શાળાના ૬ બાળકોએ તેના મતાધિકારનો ઉપયોગ કરેલ.










- **Summer vacation Camp:**

During summer vacation from 04/05/2024 to 18/05/2024, a summer camp was organized. Camp timing was Morning 8am to 11am. Total 31 students participated in the camp. Participants were trained by sports teacher shri Asifkhan Pathan in the games of Basketball, Hand Ball, Foot Ball, Bocce, Softball and throw etc. Drawing Teacher Shri Pujaben Rathod engaged students in arts, crafts and related activities.

## SPORTS & GAMES

- **District level selection camp for floor hockey:**

On 16-07-2023 district level selection camp for floor hockey for the upcoming Paralympics was organized in our school campus. 3 students from our school and 5 other students, total 8 MnoDivyang Students participated in the camp. In this camp our Shri Meghjikhan Saybani, teacher shri Jaypalsinh Gohil, shri Monaliben Upadhyay, international coach shri Arvindbhai Bhatt and special olympics' growth & development manager Tusharbhai Joglekar were present.

- **Our students in state level selection:**

On 23-07-2023 State level selection camp for floor hockey for the upcoming Paralympics was organized at Vasad. Our 3 students 1) Naiya Tejas. 2) Daudani Mezbin. 3) Dabhi Bhavesh participated and had excellent performance and tried for national level. Alongwith students, our teacher Monaliben Upadhyay also joined in the camp.

- **Excellent performance in yoga competition by our students:**

At Ahmedabad a Yoga competition was organized by yoga & sports foundation of Gujarat. 11 students of our school participated in the competition. They




♦ **સમર વેકેશન કેમ્પ સંપન્ન**

ઉનાળુ વેકેશન દરમ્યાન તા.૪-૫-૨૦૨૪ થી ૧૮-૫-૨૦૨૪ દરમ્યાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાનાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો જેમાં સવારે ૮ થી ૧૧ કલાક સુધી બાસ્કેટબોલ, ફુટબોલ, હેન્ડબોલ, બોચી, સોફ્ટબોલ થ્રો જેવી વિવિધ રમતોની સ્પોર્ટ્સ ટીચર્સ શ્રી આસીફખાન પઠાણ તેમજ શિક્ષકશ્રી મોનાલીબેન ઉપાધ્યાય, તાલીમ આપેલ તથા ડ્રોઈંગ ટીચર્સ શ્રી પુજાબેન રાઠોડ દ્વારા આર્ટ, ક્રાફ્ટ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## રમત-ગમત

♦ **જિલ્લા કક્ષાનો ફ્લોર હોકીનો સીલેક્શન કેમ્પ**

તા.૧૬-૦૭-૨૦૨૩નાં રોજ શાળાના કેમ્પસમાં પેરાલિમ્પિકસ માટે જિલ્લા કક્ષાના ફ્લોર હોકી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના ૩ તથા અન્ય ૫ કુલ ૮ મનોદિવ્યાંગ રમતવીરોએ ભાગ લીધેલ. આ કેમ્પમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી મોનાલીબેન ઉપાધ્યાય તેમજ ઈન્ટરનેશનલ કોચ શ્રી અરવિંદભાઈ ભટ્ટ તેમજ સ્પેશ્યલ ઓલિમ્પિકસના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર તુષારભાઈ જોગલેકર ઉપસ્થિત રહેલ.

♦ **રાજ્ય કક્ષાના સીલેક્શન કેમ્પમાં શાળાનાં બાળકો**

વાસદ ખાતે તા.૨૩-૦૭-૨૦૨૩નાં રોજ ફ્લોર હોકીનો રાજ્યકક્ષાનાં સીલકેશન કેમ્પનુ આયોજન થયેલ જેમાં શાળાના ત્રણ બાળકો અનુક્રમે (૧) નૈયા તેજસ (૨) દાઉદાણી મહેઝબીન (૩) ડાભી ભાવેશે ભાગ લઈ શાનદાર પ્રદર્શન કરી નેશનલ કક્ષા માટે પોતાની દાવેદારી નોંધાવેલ આ કેમ્પમાં કોચ તરીકે શાળાના શિક્ષક શ્રી મોનાલીબેન ઉપાધ્યાય પણ સાથે જોડાયેલ.

performed very well and earned praise from present audience. All 11 students were awarded certificate plus 1000 cash reward. Our school was honoured by trophy. All these students obtained their practice from our sports teacher Asifbhai Pathan.

- **Special achievement in sports festival organized by M.P.**

  A Common sports festival for normal and ManoDivyang children was organized and sponsored by Member of Parliament at Sidsar Sports Complex. Our students participated in various games very enthusiastically. Our 2 students shri Kalavatar Arman Usmanbhai in slow cycling and Baloch Ramizkhan Rafikkhan in lemon on spoon run (lemon spoon) secured 1st number by competiting with normal students. This is very special achievement and by this achievement both have not earned honour for self but for our school also.

- **Special achievement in all India Yoga Competition.:**

  All India online Yoga competition at Chhatisgadh in the memory of Marhum Rajak beg Mirza sahib. Total 400 normal and Divyang children participated in this competition from all over India. Our ManoDivyang students participated as part of Gujarat state Team. Our 2 students 1) in girls category, Daudani Mehzabin won silver medal and 2) in boys category, Mori Ved won bronze medal. Both our students created a unique record and achieved a special and splendid achievement. Both students were awrded medal and trophy in a function where chief guest Dr.Mehbubbhai Kureshi (world record holder), camander Rajeshbhai Rathod (ex. Army Officer),

**♦ યોગ સ્પર્ધામાં શાળાનાં બાળકોનો ઉત્કૃષ્ટ દેખાવ**

અમદાવાદ ખાતે યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ગુજરાત દ્વારા આયોજિત યોગ સ્પર્ધામાં શાળના બાળકોએ ભાગ લઈ સુંદર યોગ કરી ઉપસ્થિત પ્રેક્ષકોની સરાહના મેળવેલ તેમજ યોગ સ્પર્ધામાં ભાગ લેનાર ૧૧ બાળકોને પ્રમાણપત્ર તથા રૂા.૧,૦૦૦/- રોકડ પુરસ્કાર તેમજ સંસ્થાને ટ્રોફી એનાયત કરવામાં આવેલ. આ બાળકોને યોગની પ્રેકટીસ શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસીફભાઈએ કરાવેલ.

**♦ સાંસદ રમોત્સવમાં મનોદિવ્યાંગ બાળકો ની વિશિષ્ટ સિદ્ધિ**

સિદસર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના સાંસદ રમોત્સવમાં સામાન્ય શાળાના નોર્મલ બાળકોની સાથે શાળાના મનોદિવ્યાંગ બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લીધેલ જેમા સ્લો સાઈકલીંગમાં કાળવાતર અરમાન ઉસ્માનભાઈ અને લીંબુ સમચી રમતમાં બ્લોચ રમીઝખાન રફીકખાનએ નોર્મલ બાળકોની સાથે સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી વિશિષ્ટ સિદ્દિધ સાથે અંકુર શાળાનું ગૌરવ વધારેલ.

**♦ ઓનલાઈન યોગ સ્પર્ધાનાં વિજેતાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો**

મરહુમ રજાક બેગ મીરજા સાહેબની સ્મૃતિમાં છત્તીસગઢ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઓનલાઈન યોગ સ્પર્ધામાં સમગ્ર ભારતના ૪૦૦ નોર્મલ ભાઈઓ બહેનોએ ભાગ લીધેલ જેમાં શાળાનાં મનોદિવ્યાંગ બાળકોએ ગુજરાત ટીમ વતી ભાગ લઈ બહેનોનાં વિભાગમાં કુમારી દાઉદાણી મહેજબીનને સિલ્વર મેડલ અને ભાઈઓમાં મોરી વેદ બ્રોન્ઝ મેડલ મેળવી એક અનોખો વિક્રમ સ્થાપિત કરી વિશિષ્ટ સિધ્ધી મેળવેલ મુખ્ય મહેમાન ડો. શ્રી મહેબુબભાઈ કુરેશી (વર્લ્ડ રેકોર્ડ










Parvinben (Managing Trustee, VISAMO Trust), Indrishbhai Kureshi (principal Government Primary School) our Principal shri Meghjikhan Saybani were present. Coach of the both students was our sports teacher Asifbhai Pathan. Ankur Family congratulated both achievers and their coach for this very special achievement.

- **Our achievement in district level Special Khel Maha Kumbh:**

Government sports and culutural department organized district level special Khel Maha Kumbh at sports complex sidsar. Total 111 students of our school participated in khel maha kumbh in various athletics, games and team games. Out of the participants 24 children won Gold Medal, 31 children Silver Medal and 27 children secured Bronze Medal. By this excellent achievement Ankur was on the lips of every participants and audience. Ankur achieved good name and fame in this event. Credit of this splendid achievement goes to our Principal Shri Meghjikhan Saybani and sports teacher Asifbhai Pathan under whose able guidance our children practiced for various games.

- **Our honour uplifment at national level by our students:**

Special Olympics of National level was held at Kanpur ( U.P. ) During 26th to 28th February 2024. In the event Power lifting game was played. In power lifting students of 19 states including Gujarat participated. In Gujarat state team our 2 students participated and won the medal. Chauhan Dignesh won the Gold medal at National level and became hero and all India First Rank in power lifting. In girls

હોલ્ડર), કમાન્ડર રાજેશભાઈ રાઠોડ (નિવૃત્તિ આર્મી ઓફિસર), પરવીનબેન (મેનેજિંગ ટ્રસ્ટી, વિસામો), ઈદ્રીશભાઈ કુરેશી (પ્રિન્સીપાલ, ગવર્મેન્ટ પ્રાઈમરી સ્કૂલ) શાળાનાં આચાર્ય શ્રી મેઘજીખાન સાહેબ અને અન્ય મહેમાનોની હાજરીમાં બંને બાળકોને મેડલ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કોચ તરીકે શ્રી આસિફખાન પઠાણે ટ્રેઈનિંગ આપેલ અને આવી વિશિષ્ટ સિદ્ધિ બદલ શાળા પરિવાર વતી બન્ને બાળકો તથા કોચને ખુબ ખુબ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**♦ જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં શાળાની સિદ્ધિ**

જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાના કુલ ૧૧૧ બાળકોએ એથ્લેટીકસ તેમજ વિવિધ ટીમ ગેઈમમાં ભાગ લીધેલ જેમાં ૨૪ બાળકોએ ગોલ્ડ ૩૧ બાળકોએ સિલ્વર તેમજ ૨૭ બાળકોએ બોન્ઝ મેડલ મેળવી જિલ્લા કક્ષાએ શાળાનું નામ ગુંજતુ કરેલ. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી તેમજ સ્પોટર્સ શિક્ષક શ્રી આસીફભાઈ પઠાણનાં માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા બાળકોને વિવિધ રમતોની પ્રેકટીસ કરાવવામાં આવેલ.

**♦ રાષ્ટ્રિય કક્ષાએ શાળાનું ગૌરવ વધારતા બાળકો**

તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત દ્વારા ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે પાવર લિફ્ટીંગ રમતનું આયોજન કરવામાં આવેલ જેમાં ગુજરાત સહિત દેશના કુલ ૧૯ રાજ્યના બાળકોએ ભાગ લીધેલ જેમાં

category, Baraiya Ankita won the silver medal and became national Ranker. Both students have achieved name and fame for self, Ankur School and Gujarat State. Both the students were trained by our teachers Monaliben Upadhyay and Amitaben Patel. Coordination for entire event was done by our Principal shri Meghjikhan Saybani. Amitaben Patel also rendered her very good service as Escort to the Students.

- At Delhi National championship for the games of lawn Tenis and Judo were played. In Lawn Tenis our Student Naiya Tejas achieved Silver Medal and in Judo our student Bavanka Navaj achieved Silver Medal. Both students have achieved name and fame for self, Ankur School and Gujarat State at National level. Both the students were trained by our teachers Asifbhai Pathan and Jaipalsinh Gohil under the Guidance of our Principal shri Meghjikhan Saybani. Shri jaypalsinh Gohil also accepted responsibility to perform as coach of the students at Delhi National Championship.
- Special Olympics Bharat organized Basketball National Championship at Pondichery during 20th to 28th March 2024. In this team Game in the team of Gujarat State, our two students were selected and they played in the game from Gujarat's team. Habibani Muskan achieved Gold Medal and Dabhi Bhavesh secured 4th place. By this achievement both students earned honur and respect for our school at national level. Students were trained by our sports Teacher shri Asifbhai Pathan. Monaliben Upadhyay performed as coach of the students in the event.

**ગુજરાતની ટીમમાંથી શાળાના બે બાળકો અનુક્રમે ચૌહાણ દિગ્નેશએ ગોલ્ડ મેડલ અને બારૈયા અંકિતાએ સિલ્વર મેડલ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ અંકુર શાળાનું તેમજ ભાવનગર તથા ગુજરાતનું ગૌરવ વધારેલ આ બાળકને શાળાના શિક્ષક શ્રી મોનાલીબેન ઉપાધ્યાય તેમજ અમિતાબેન પટેલ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવેલ તથા તે અંગેનું સંપૂર્ણ સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાચબાણી દ્વારા કરવામાં આવેલ તથા એસ્કોર્ટ તરીકે શ્રી અમિતાબેન પટેલ સુંદર કામગીરી સંભાળેલ.**

**♦ દિલ્હી ખાતે સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત દ્વારા લોન ટેનિસ અને જુડો ની નેશનલ ચેમ્પિયનશીપ યોજાયેલ જેમાં શાળાના વિદ્યાર્થી નૈયા તેજસે લોન ટેનિસમાં સિલ્વર મેડલ તેમજ બાવનકા નવાજે જુડોમાં સિલ્વર મેડલ મેળવી નેશનલ કક્ષાએ શાળાનું ગૌરવ વધારેલ આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણી ના માર્ગદર્શન હેઠળ શાળાના સ્પોર્ટસ શિક્ષકશ્રી આસીફભાઇ પઠાણ તથા શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલે બન્ને બાળકોને ટ્રેઈનિંગ આપેલ શિક્ષક જયપાલસિંહ દિલ્હી ખાતે બન્ને બાળકોના કોચ તરીકે ની જવાબદારી પણ નિભાવેલ.**

**♦ સ્પેશ્યલ ઓલિમ્પિક ભારત દ્વારા તા. ૨૦ થી ૨૮ માર્ચ - ૨૦૨૪ દરમ્યાન પોડીચેરી ખાતે બાસ્કેટ બોલ નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની ટીમ વતી શાળાના બે વિદ્યાર્થીઓ અનુક્રમે હબીબાણી મુસ્કાનએ ગોલ્ડ મેડલ તથા ડાભી ભાવેશે ચોથો ક્રમ પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાએ શાળાનું નામ રોશન કરેલ શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસીફખાને આ બાળકોને ટ્રેઈનિંગ આપેલ તથા કોચ તરીકે શ્રી મોનાલીબેન ઉપાધ્યાયે કામગીરી બજાવેલ.**













CULUTURAL

સાંસ્કૃતિક

- **KRISHNA OF “ANKUR” CALLS YOU, OUR SCHOOL'S ANNUAL CULTURAL PROGRAM:**

Our annual cultural Program with theme of “ Krishna of Ankur Calls You” was organized in the Meghani Auditorium of Bhavnagar in the Special Presence of Monal Gajjar (Gujarati, Hindi, Tamil Films Heroine) and in the presence of Guests of Honour S/Shri Jayantbhai Vanani (Budhabhai Patel), Kishorbhai Bhayani (M/S Bhayani Nagindas Hiralal), Piyushbhai Tamboli & Vishakhaben Tamboli (I&PCL), Tarunbhai Vora (High-Tech Investment Casting Ltd.), Dr. Rani Chaudhary (Alang Auto), Mahmad Rajabhai Merchant (marine enterprise), NimeshbhaiDesai (Jitubhai Fatakadavala ), Smt. Santoshiji (president western Railway WWO). In the Program, our children performed on the various Krishna-Bhakti Songs. Presentation by our Manodivyang Students was remarkable and received very good response and feedback from the audience. In the annual Function, students who have achieved Medals in the sports were honoured. Students of teachers training collage who secured 1st, 2nd and 3rd rank were also honoured. In this program industrialist of Bhavnagar City, honourable personalities of Bhavnagar, Trustees of our school and parents of the students were present in big numbers. Program was conducted by well known motivational speaker Shri Nehalben Gadhvi. Vote of thanks was proposed by Hon. Sec. (admin.) Shri Alpeshbhai K Sheth . The entire event was coordinated by well known singer and our Music therapist Dr. shri Bhavnaben Andhariya.

♦ **‘‘અંકુરનો કૃષ્ણ તમને બોલાવે’’ શાળાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ**

મેઘાણી ઓડિટોરીયમ ખાતે સુશ્રી મોનલ ગજ્જર (ગુજરાતી, હિન્દી, તમીલ ફિલ્મ અભીનેત્રી) ની વિશેષ ઉપસ્થિતી તેમજ શ્રી જયંતભાઇ વનાણી (શ્રી બુધાભાઇ પટેલ)શ્રી કિશોરભાઇ ભાયાણી (મે. ભાયાણી નગીનદાસ હિરાલાલ), શ્રી પિયુષભાઇ તંબોલી અને શ્રી વિશાખાબેન તંબોલી (I&PCL), શ્રી તરૂણભાઇ વોરા (હાઇ-ટેક ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ લીમીટેડ), ડો. રાની ચૌધરી (અલંગ ઓટો), શ્રી મહમદ રઝાભાઇ મરચન્ટ (મરીન એન્ટરપ્રાઇઝ), શ્રી નિમેષભાઇ દેસાઇ (જીતુભાઇ ફટાકડાવાળા), શ્રીમતી સંતોષીજી (પ્રેસીડેન્ટ વેસ્ટર્ન રેલ્વે WWO) ના અતિથિ વિશેષ પદે ‘અંકુરનો કૃષ્ણ તમને બોલાવે’ થીમ ઉપર એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ જેમાં શાળાના મનોદિવ્યાંગ બાળકોએ કૃષ્ણ ભકિતના વિવિધ ગીતો ઉપર સુંદર કૃતિઓ રજૂ કરેલ. તેમજ રમત-ગમતમાં મેડલ મેળવેલ બાળકો તથા ટીસર્સ ટ્રેઈનિંગ કોલેજના પ્રથમ, દ્રિતિય તથા તૃતિય નંબર મેળવેલ તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભાવનગર શહેરનાં ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠીઓ, સંસ્થાનાં ટ્રસ્ટીશ્રીઓ તેમજ વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન જાણિતા મોટીવેશનલ સ્પીકર શ્રી નેહલબેન ગઢવીએ, આભારવિધિ શ્રી અલ્પેશભાઇ કે. શેઠ (માનદ્ મંત્રી) એ કરેલ સમગ્ર કાર્યક્રમનું સંકલન જાણીતા ગાયક શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડો. શ્રી ભાવનાબેન અંધારિયાએ કરેલ.

- One Program on women's Power was organized by Navnidh Divyangjan Trust in the Yashvantrai Natya Gruh. Our children performed a dance item in the Program. This item was conceived, planned and executed by Dr. Bhavnaben Andhariya and was coordinated by our Principal Meghjikhan Saybani. During the Program, Prince Hon. Shri Jayvirsinhji of (erstwhile) Bhavnagr State was present as special guest. He talked to our children and motivated them.
- On 01/09/2023 Aum Seva Dham (old age Home/ Vrudhhashram) was organized in Meghani Auditorium. In this program Shri Hrashbhai Sanghavi, Hon. Home Minister of Gujarat state was honoured by our school “ANKUR” with the Painting Frame prepared by our students. Our students also performed dance item of Krishna Lila in the program in front of State Home Minister shri Harshbhai Sanghavi.
- During the holy month of Shravan Which is also month of festivals, T.V. Chanels of TV9, SANDESH news Chanel and Ahmedabad Police Parivar weekly news paper visited Ankur Respectively on 12th August, 17th August and 15th September. On these platforms success story of our Music Therapy were telecasted and article was published. Our Music Therapist Dr.Bhavnaben Andhariya explained the subject in very lucid language and provided all the accurate information about Music Therapy of Ankur School.

♦ નવનિધિ દિવ્યાંગજન ટ્રસ્ટ દ્વારા વુમન્સ પાવર પર એક કાર્યક્રમ યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાયેલ. જેમાં શાળાના બાળકોની ડાન્સ કૃતિ રજૂ કરેલ. સાંસ્કૃતિક કૃતિનું આયોજન ડો. શ્રી ભાવનાબેન અંધારિયાએ કરેલ તથા સમગ્ર સંકલન પ્રિન્સિપાલ શ્રી મેઘજીખાન સાયબાણી એ કરેલ. કાર્યક્રમ દરમ્યાન રાજવી પરિવારના યુવરાજ માનનીયશ્રી જયવીરસિંહજીની વિશેષ ઉપસ્થિતિ રહેલ તથા તેમણે બાળકો સાથે વાતો કરી બાળકોને પ્રોત્સાહિત પણ કરેલ.

♦ તા.૦૧-૦૯-૨૦૨૩ ભાવનગરની ૐ સેવા ધામ (વૃધ્ધાશ્રમ) સંસ્થાનો કાર્યક્રમ મેઘાણી ઓડિટોરિયમ ખાતે યોજાયેલ. જેમાં ગુજરાત રાજ્યના હોમ મિનિસ્ટર માનનીય શ્રી હર્ષભાઈ સંઘવીનું સંસ્થા વતી બાળકો દ્વારા બનાવેલ ચિત્રની ભેટ આપી સન્માન કરવામાં આવેલ. તથા શ્રી હર્ષભાઈ સમક્ષ બાળકોની કૃષ્ણલીલા ડાન્સ કૃતિ પ્રસ્તુત કરવામાં આવેલ.

♦ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન તા.૧૨ ઓગષ્ટ, ૧૭ ઓગષ્ટ અને ૧૫ સપ્ટેમ્બરના દિવસે અનુક્રમે Tv9, સંદેશ ન્યુઝ ચેનલ તથા અમદાવાદ પોલીસ પરિવાર વીકલી ન્યુઝ પેપર જેવા પ્લેટફોર્મ પર શાળાની મ્યુઝિક થેરાપીની સ્ટોરી બતાવવામાં આવેલ તથા લેખ પણ છાપવામાં આવેલ. જેમાં શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ અને જાણીતા ગાયિકા ડો. ભાવનાબેન અંધારિયાએ સરળભાષામાં પૂરતી માહિતી આપી લોકોને અંકુર શાળાની મ્યુઝિક થેરાપી વિશે સચોટ જાણકારી આપેલ.












## DIVYANJALI

- **PRABHU VANDNA:**

Like every year, this year also on 6th of March a Prabhu Vandna Program was organized. Our permanent donor, well wisher shri Khushendrabhai Desai was the person behind the program. The program was dedicated to Khushendrabhai's Father Sw. Shri Jayantilal Durlabhjibhai Desai, his mother Sw. smt.Vasantben Jayantilal Desai and his wife Sw. smt Thorunben K Desai. The program was organized in the presence of our trustees. Our Music therapist and well known singer Dr. shri Bhavnaben Andhariya, teacher Shri Reshmaben Shah and Krishnaben Rupera sung melodious Bhajans and paid the homage to departed souls. Shri Khushendrabhai Desai Joined and watched the program online.

- **Sw. Kanaiyalal Bhogilal Sheth:**

Our Hon. Secretary (admin.) Shri Alpeshbhai sheth lost his father shri Kanaiyal Bhogilal Sheth on 14-10-2023 Saturday. By the sad demise of GOLOK VASI Shri Kaniyalalbhai Ankur parivar is shocked and has felt deep feeling of grief. Shri Kanaiyalalbhai had enjoyed a long life of 83 years and has left behind him very happy family of sons and Grandsons. Ankur parivar is part of the grief of the family of shri Alpeshbhai and convey sincere condolence.



## દિવ્યાજંલી

♦ **પ્રભુવંદના**

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ તા. ૬ માર્ચનાં રોજ સંસ્થાના કાયમી દાતા તથા શુભેચ્છક શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈનાં પિતા સ્વ. શ્રી જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ તથા માતા સ્વ. શ્રીમતી વસંતબેન જયંતિલાલ દેસાઈ તથા તેમના પત્નિ શ્રી સ્વ. શ્રી થોરુન્નબેનનાં આત્મશ્રેયાર્થે પ્રભુવંદના કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં કરવામાં આવેલ જેમાં શાળાના મ્યુઝીક થેરાપીસ્ટ ડો. શ્રી ભાવનાબેન અંધારિયા, શિક્ષક શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પેલ. શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈએ ઓનલાઈન જોડાઈને આ સમગ્ર પ્રોગ્રામ નિહાળેલ.

♦ **સ્વ. કનૈયાલાલ ભોગીલાલ શેઠ**

સંસ્થાના માનદ્મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠના પિતાશ્રી સ્વ. કનૈયાલાલ ભોગીલાલ શેઠનું તા.૧૪-૧૦-૨૦૨૩ શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયુ તેમના ગૌલોકવાસથી સંસ્થા પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે.

તેઓ ૮૩ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી હર્યો ભર્યો વિશાળ લીલોછમ સુખી પરિવાર છોડીને પંચમહાભુતમાં લિન થયા છે...

અંકુર પરિવાર વિષાદની આ ઘડીએ આપના દુઃખમાં સહભાગી છે. સૌ આપ્તજનોને સાંત્વન અને દિલસોજી પાઠવતા તે દિવ્યાત્માને ભાવાંજલિ સાથે શ્રદ્ધાંજલિ પાઠવે છે.

## 5. Shri D.K.Ajmera Foundation and Smt. Bhanumati Vadilal Chatrabhuj Gandhi “BHANU-VADI” Vocational training center for M.R. Children

Vocational Training center is established with a view to make Manodivyang Child self dependent and earning. Child above the age of 18 years are given admission without any fees. Chidren (rather Physically adult Manodivyang persons) of this vocational Training Center produces items like Rakhi, tilight, Toran, todaliya (wall Hanging), shopping bag, wallet, files, candles, dipaks, Money covers, seating cautions, handicrafts etc various useful items.

Vocational center is functioning under direct supervision and guidance of shri Nehalben Gadhavi; and for the selling of items, advertise and appeals are circulated through social media. We have received very good response within country and from overseas also. Demand for our items is praise worthy and during the year 2023-24 total sell of Rs.35,68,525 was completed. A stipend of Rs. 2,55,500 was paid to 26 children involved in the production. Nehalben Gadhvi deserves many many Congratulations for her invaluable contribution for the success of our vocational Training Center.

- **Exhibition cum sale:**

Exhibitions cum sale are organized with a view to teach selling and financial transaction to the trainees

## ૫. શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી ‘‘ભાનુવાડી’’ વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટર

વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં ૧૮ વર્ષથી ઉપરનાં બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે જેમાં બાળકો આર્થિક રીતે પગભર થાય તે હેતુસર વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે વોકેશનલ વિભાગમાં બાળકો દ્વારા રાખડી, ટીલાઈટ, તોરણ, ટોડલીચા, શોપીંગબેગ, બટવા, ફાઈલ, મિણબત્તી, દિવડા, મનીકવર, આસન, હેન્ડીક્રાફ્ટ જેવી વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે.

સુશ્રી નેહલબેન ગઢવીની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત વોકેશનલ સેન્ટરમાં બાળકો દ્વારા નિર્મિત વસ્તુઓના વેચાણ માટે સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ જેનો દેશ-વિદેશમાં સારો એવો પ્રતિસાદ મળેલ અને ઉત્પાદન કરેલ વસ્તુઓની ખૂબજ સારી એવી માંગ રહેલ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ રૂા.૩૫,૬૮,૫૨૫/- નું વેચાણ કરવામાં આવેલ તેમજ ઉત્પાદન કાર્યમાં રોકાયેલ કુલ ૨૬ બાળકોને રૂા.૨,૫૫,૫૦૦/- નું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવ્યુ હતું. શ્રી નેહલબેનના અમુલ્ય યોગદાન બદલ અભિનંદન...

- **એકઝીબિશન કમ સેલ**

વોકેશનલ સેન્ટરના દિવ્યાંગ તાલિમાર્થીઓને ઉત્પાદન ઉપરાંત વેચાણ તથા પૈસાની લેવડ-દેવડ શિખવવાના હેતુથી એકઝીબિશન કમ સેલ યોજવામાં આવે છે.







of vocational Training center. Rakhis Produced by Manodivyang children in the Vocational Training center were exhibited for sell by the cooperation of Rajvi Creation on 5th and 6th August and on 12th and 13th August 2023 with the cooperaton of Ambicaben Tekariwal. Public of Bhavnagar (BHAVENA) , With a view to help and motivate Manodivyag children purchased rakhis and contributed a lot to our goal. A BIG THANKS TO BHAVENA VASIS

(public of Bhavnagar)

At Javahar Ground, from 23rd to 25th December 2023 during X-PO Vision 2030 and from 06-01-2024 to 13-01-2024 Handicraft and rural industries exhibition cum sale, various items prepared by our children like wall-hanging (TORAN), Hanging, Decorative candles, Shopping Bag, cution covers etc were exhibited for sale. Public of Bhavnagar city responded very positively. A BIG THANKS TO BHAVENA VASIS

( public of Bhavnagar )

- **Dipavali project:**

With a noble view to Rehabitate ManoDivyang and make them self dependent, items produced in our Bhanuvadi Vocational Training Center like various colourful and attractive Rangolis, Tilight, wallet, Small table cloth (Bajoth Rumal), Gift bag, Torans, candles, decorative dipaks, Hanging etc are sold online in the countries like USA, CANADA, ENGLAND etc and within country in the cities like

વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં મનોદિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ રાખડીઓનું તા. ૫, ૬ ઓગષ્ટ ૨૦૨૩નાં રોજ રાજવી ક્રિએશનના સહયોગ થી તેમજ તા.૧૨,૧૩ ઓગષ્ટ ૨૦૨૩નાં રોજ અંબિકાબેન ટેકરીવાલનાં સહયોગથી એકઝીબિશન કમ સેલનું આયોજન કરવામાં આવેલ જેમાં ભાવેણાની જનતા દ્વારા મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે રાખડીઓ ખરીદેલ.

- જવાહર મેદાન ખાતે તારીખ ૨૩ થી ૨૫ ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન એકસ્પો વિઝન-૨૦૩૦ માં તેમજ તા.૦૬-૦૧-૨૦૨૪ થી તા.૧૩-૦૧-૨૦૨૪ સુધી હસ્તકલા ઉદ્યોગ માં શાળાના ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત વિવિધ અને આકર્ષક વસ્તુઓ જેમ કે તોરણ, હેગીંગ, કુશન કવર, ફુલોની રંગોળીનું પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવેલ જેની ભાવેણાવાસીઓએ મુલકાત લઈ સુંદર પ્રતિસાદ આપેલ.

- **દિપાવલી પ્રોજેક્ટ**

મંદબુધ્ધિ બાળકોનું સમાજમાં પુનઃસ્થાપન કરવા તથા આર્થિક રીતે પગભર કરવાનાં ઉમદા આશય સાથે શાળા સંચાલિત શ્રીમતી ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટર ખાતે મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ આકર્ષક તથા અવનવી કલરફુલ રંગોળીઓ, ટીલાઈટ, બટવા, બાજોટ રૂમાલ, ગીફ્ટ બેગ તોરણ, મિણબત્તી, ડેકોરેટીવ દિવડા હેગીંગ તેમજ અન્ય વસ્તુઓનું વેચાણ અમેરિકા, કેનેડા, ઈગ્લેંડ જેવા દેશોમાં તથા ભારતનાં

Mumbai, Kanpur, Bangluru, Kolkatta etc. We have received very good response in online and off line selling at local level. The profit earned by the selling was distribute amongst the Manodivyang children. To make this project successful head of the vocational department Shri Nehalben Gadhvi and her team made an appreciable efforts. Congratulations to all involved in the project.

- **Divada ( Dipaks ) project ( on the occasion of Ayodhya Rammandir Pran Pratistha festival ):**

  22nd January 2024 was the day on which Pran Pratishtha of Idol of Ram Lalla was performed in the newly built up Ram Mandir in Ayodhya. There was mood of people of India and environment like Dipavali Festival celebration. To en cash this opportunity, our vocational center sold many Dipaks and Tlights on line. We received very good response from the people.

- **Placement:**

  It's always our Endeavour to to rehabitate our children socially and financially. The best example of this effort is Mohamad Zaman. This chid obtained Educational and Vocational training systematically in Ankur. At present this child is doing a part time Job in a grocery shop.

મુંબઇ, કાનપુર, બેંગ્લોર, કોલકત્તા જેવા શહેરોમાં ઓનલાઇન તથા સ્થાનિક કક્ષાએ ઓફલાઇન વેચાણ કરવામાં આવેલ જેમાં લોકોનો સુંદર પ્રતિસાદ સાંપડેલ આ વેચાણમાંથી થતા નફાની રકમ મંદબુધ્ધિ બાળકોને આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રોજેક્ટને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સરાહનિય પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

- **દિવડા પ્રોજેક્ટ (અયોધ્યા રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે..)**

સમગ્ર ભારતમાં તારીખ ૨૨ જાન્યુઆરીનાં રોજ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના અનુસંધાને દિવાળી જેવો માહોલ હતો. જેના ભાગરૂપે શાળાના વોકેશનલ વિભાગ દ્વારા દિવડા તથા ટી-લાઈટ નું ઓનલાઈન વેચાણ કરવામાં આવેલ. જેમાં લોકો દ્વારા સારો પ્રતિસાદ મળ્યો હતો.

- **પ્લેસમેન્ટ**

શાળાનો હંમેશા એવો પ્રયત્ન રહેલો છે કે મંદબુધ્ધિ બાળકોનું સામાજીક અને વ્યવસાયિક પુનઃસ્થાપન થાય જેનું ઉત્તમ ઉદાહરણ એટલે મોહંમદ ઝમાન આ બાળકે શાળામાં સ્પેશ્યલ એજ્યુકેશનલ તથા વોકેશનલની પધ્ધતિસરની તાલીમ મેળવેલ છે હાલ આ બાળક કરીયાણાની દુકાનમાં પાર્ટટાઇમ જોબ કરે છે.





## 6. Various Projects run by the School For The Welfare of Children And Staff:

- **Dattak fund Project:**

we at ankur don't charge any fee for the education and all children are trained/Educated free of cost. But there will be other necessities also, like Medical aid, Educational Instruments, Uniform, Transportation by Auto Riksha, special instruments depending on the type of disability, sports instruments, requirements for cultural Program etc. All these depends on money and finance and we have to depend for that on others. With a view to have development of child without any interruption we have evolved "DATTAK FUND Project" under this project, if any donor Donates Rs. 1,00,000/- "corpus fund" donor can Adopt ( DATTAK) one child whose all these requirements will be fulfilled from the interest of the corpus fund. At the end of the Educational year, progress report of the child who has been adopted by the donor, will be send to the donor.

- **Riksha sahay Project:**

Though education at ankur is free, most of the children are from poor sector and from slum areas and very far away areas. The parents of these child, can not afford transportation expense to send this child to school. As a part of Door step service, school has started Riksha Sahay Project. During the year under report, 119 children were paid Rs. 4,61,175/- as Riksha Sahay for their Transportation to and fro home to school. As per fund's availability, we intend to cover more and more children under this project. For this increase in corpus of this project is very much needed.




- **Naish V. Shah Staff welfare Corpus fund....:**

Institute also takes care of Staff Famil members. For this a corpus under title "Naish V. Shah Staff welfare Corpus fund

## ૬. વિદ્યાર્થીઓનાં ઉત્કર્ષ માટે સંસ્થામાં ચલાવવામાં આવતાં વિવિધ સપોર્ટિવ વેલ્ફેર પ્રોજેક્ટ

- ♦ **દત્તક ફંડ પ્રોજેક્ટ...**

સંસ્થામાં મંદબુદ્ધિવાળા બાળકોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. પરંતુ બાળકની અન્ય જરૂરિયાતો પણ હોય છે. જેમાં તેને તબીબી સહાય, શૈક્ષણિક સાધનો, યુનિફોર્મ, શાળાએ આવવા-જવાનું વાહનભાડું, અપંગતાનાં વિશિષ્ટ સાધનો, રમત-ગમતનાં સાધનો, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી અનેક જરૂરિયાતવાળી બાબતોમાં આર્થિક આધાર રાખવો પડે છે. આથી બાળકની પ્રગતિ અટકે નહિ અને બાળકનો વિકાસ સતત ચાલુ રહે, તે માટે સંસ્થામાં ''દત્તક ફંડ પ્રોજેક્ટ'' કાર્યરત છે. જેમાં દાતા રૂા.૧,૦૦,૦૦૦/- ''કોર્પસ ફંડ'' માં આપી, એક બાળક દત્તક લઈ શકે છે. જેની વ્યાજની આવકમાંથી બાળકની ઉપરોક્ત જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. જે તે શૈક્ષણિક વર્ષનાં અંતે દાતાશ્રીઓને દત્તક લીધેલ બાળકોનો પ્રગતિ અહેવાલ મોકલવામાં આવે છે.

- ♦ **રિક્ષા સહાય પ્રોજેક્ટ...**

